RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 241 Dt. 23-12-2024 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**







### કુવૈતનું સર્વોચ્ચ સન્માન ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર વડાપ્રધાન મોદીને

# ભારત-કુવૈત વેપાર પહોંચશે ૧૦ અબજ ડોલરે

### અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહ દ્વારા આમંત્રિત, વડા પ્રધાને અમીર અને ક્રાઉન પ્રિન્સ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી



નવીદિલ્હી, તા. ૨૨
વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કુવૈતનું સર્વોચ્ચ સન્માન ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર આપવામાં આવ્યું છે. કોઈપણ દેશ દ્વારા પીએમ મોદીને આપવામાં આવેલ આ ૨૦મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. ''મુબારક અલ કબીર ઓર્ડર'' કુવૈતનું વિશેષ નાઈટહુડ સન્માન છે. આ સન્માન સામાન્ય રીતે દેશના વડા, વિદેશી શાસકો અને શાહી પરિવારના સભ્યોને મિત્રતાના પ્રતીક તરીકે આપવામાં આવે છે. આ પહેલા બિલ ક્લિન્ટન, પ્રિન્સ ચાર્લ્સ અને જ્યોર્જ બુશ જેવા આંતરરાષ્ટ્રીય નેતાઓને આ સન્માન આપવામાં આવ્યું છે. અગાઉ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રવિવારે કુવૈતના 'બાયન પેલેસ' (કુવૈતના અમીરનો મુખ્ય મહેલ) ખાતે ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. ક્ખ મોદી શનિવારે બે દિવસની મુલાકાતે કુવૈત પહોંચ્યા હતા. તેઓ કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના આમંત્રણ પર કુવૈત પહોંચ્યા છે. છેલ્લા ૪૩ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ ખાડી દેશની આ પ્રથમ મુલાકાત છે. આ પહેલા ૧૯૮૧માં ભારતના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી કુવૈત ગયા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે લખ્યું કુવૈતના વડા પ્રધાન મહામહિમ શેખ અહેમદ અબ્દુલ્લા અલ-અહમદ અલ-સબાહ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ શનિવારે ભારતીય સમુદાયના એક કાર્યક્રમને સંબોધિત કર્યો હતો અને ભારતીય શ્રમ શિબિરની પણ મુલાકાત લીધી હતી. ભારત કુવૈતના ટોચના વેપારી ભાગીદારોમાંનું એક છે અને કુવૈતમાં ભારતીય સમુદાય સૌથી મોટો વિદેશી સમુદાય છે અને તે ભારતના ટોચના વેપારી ભાગીદારોમાંનો એક છે અને બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૦.૪૭ અબજ ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ બાકી છે. કુવૈત ભારતનું છઠ્ઠું સૌથી મોટું ક્રૂડ ઓઈલ સપ્લાયર છે, જે દેશની ઉર્જા જરૂરિયાતોના ત્રણ ટકા પૂરા કરે છે.

આ પહેલા ૧૯૮૧માં ભારતના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી કુવૈત ગયા હતા. વડા પ્રધાન મોદી કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ સાથે પણ મુલાકાત કરશે અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે આ વાટાઘાટ સંરક્ષણ અને વેપાર સહિત ઘણા મુખ્ય ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. મોદીએ શનિવારે તેમની કુવૈતની બે દિવસીય મુલાકાતની શરૂઆત ભારતીય શ્રમ શિબિરની મુલાકાત સાથે કરી હતી. આ મુલાકાતનો હેતુ દેશમાં કાર્યરત ભારતીય શ્રમદળ સાથે એકતા દર્શાવવાનો હતો. કુવૈતના અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહ દ્વારા આમંત્રિત, વડા પ્રધાને અમીર અને ક્રાઉન પ્રિન્સ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી અને ભારતીય ડાયસ્પોરા સાથે પણ વાતચીત કરી. અગાઉ બિલ ક્લિન્ટન, પ્રિન્સ ચાર્લ્સ અને જ્યોર્જ બુશ જેવા વિદેશી નેતાઓને 'ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

### ચુકાદામાં NSO ગ્રુપને મેસેજિંગ પ્લેટફોર્મ હેક કરવા અને તેની સેવાની શરતોનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યું

# પેગાસસ દ્વારા ૩૦૦ ભારતીય વોટ્સએપને બનાવાયા નિશાન

નવીદિલ્હી, તા.૨૨
યુએસ કોર્ટના તાજેતરના ચુકાદામાં ઈઝરાયેલી સર્વેલન્સ ફર્મ, NSO ગ્રુપ, તેના કુખ્યાત સ્પાયવેર, પેગાસસને ઈન્સ્ટોલ કરવા માટે WhatsAppની સિસ્ટમની નબળાઈનો ગેરકાનૂની રીતે ઉપયોગ કરવા માટે જવાબદાર છે. આપવામાં આવેલા ચુકાદામાં NSO ગ્રુપને મેસેજિંગ પ્લેટફોર્મ હેક કરવા અને તેની સેવાની શરતોનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યું હતું. કેસ, જે હવે નુકસાની માટે ટ્રાયલ તરફ આગળ વધી રહ્યો છે, તેણે ભારતમાં તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ જન્માવી છે, ખાસ કરીને કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ, જેમણે ભારતીય નાગરિકો પર સ્પાયવેરની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે.




WhatsApp અને NSO ગ્રૂપ વચ્ચેની કાનૂની લડાઈ ૨૦૧૯ની છે જ્યારે WhatsAppએ NSO સામે ૧,૪૦૦થી વધુ ઉપકરણો પર પેગાસસ સ્પાયવેર ઈન્સ્ટોલ કરવા માટે તેની સિસ્ટમમાં ખામીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવીને દાવો કર્યો હતો, જે NSOની ક્રિયાઓ ગેરકાયદેસર હતી. NSO ગ્રૂપ દ્વારા ચૂકવવાપાત્ર નુકસાની નક્કી કરવા માટે હવે આ મામલો ટ્રાયલ પર આગળ વધશે.

વોટ્સએપના વડા વિલ કેથકાર્ટે આ નિર્ણય પર સંતોષ વ્યક્ત કરતા કહ્યું, અમે અમારા કેસને રજૂ કરવામાં પાંચ વર્ષ પસાર કર્યા કારણ કે અમે નિશ્ચિતપણે માનીએ છીએ કે સ્પાયવેર કંપનીઓ પ્રતિરક્ષા પાછળ છુપાવી શકતી નથી અથવા તેમની ગેરકાનૂની ક્રિયાઓ માટે જવાબદારી ટાળી શકતી નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે સર્વેલન્સ કંપનીઓને નોટિસ પર મૂકવી જોઈએ કે ગેરકાયદેસર જાસૂસી સહન કરવામાં આવશે નહીં.

આ નિર્ણય બાદ કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ પેગાસસ દ્વારા ૩૦૦ ભારતીય વોટ્સએપ યુઝર્સને કથિત રીતે નિશાન બનાવવા અંગે અનેક સવાલો ઉઠાવ્યા હતા. સોશિયલ મીડિયા પર લેતાં, સુરજેવાલાએ કહ્યું કે યુએસ કોર્ટનો નિર્ણય સાબિત કરે છે કે કેવી રીતે ગેરકાયદે સ્પાયવેર રેકેટમાં ભારતીયોના ૩૦૦ વોટ્સએપ નંબરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

# ડો. આંબેડકરના કથીત અપમાન વિરૂદ્ધ
# કોંગ્રેસની દેશવ્યાપી આંદોલનની જાહેરાત

### આજે સન્માન માર્ચ કાઢવાની સાથે કોંગ્રેસ ૨૭મી ડિસેમ્બરે બેલગાવીમાં એક મોટી રેલીનું આયોજન

નવી દિલ્હી, તા. ૨૨
લોકસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદન સામેનો વિરોધ હજુ પણ સમાપ્ત નથી થઈ રહ્યો. આ નિવેદનના વિરોધ દરમિયાન સંસદમાં પણ હંગામો જોવા મળ્યો હતો. કોંગ્રેસ આ મામલાને કોઈપણ રીતે ખતમ થતો જોવા માંગતી નથી. આ જ કારણ છે કે કોંગ્રેસ હવે આ નિવેદનના વિરોધમાં દેશભરમાં એક નવું અભિયાન શરૂ કરવા જઈ રહી છે. ૨૪મી ડિસેમ્બરે આંબેડકર સન્માન માર્ચ કાઢવાની સાથે કોંગ્રેસ ૨૭મી ડિસેમ્બરે બેલગાવીમાં એક મોટી રેલીનું આયોજન કરવા જઈ રહી છે.

કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે કહ્યું કે વર્તમાન સમયમાં બંધારણની પ્રાસંગિકતાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે સંસદમાં તેના પર ચર્ચાની માંગ કરી હતી. ભાજપે કોંગ્રેસના નેતાઓનું અપમાન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સિવાય સંસદમાં અમિત શાહના નિવેદનથી




તમામ નેતાઓ દુખી થયા છે. તેમણે કહ્યું કે શાહે બાબા સાહેબનું અપમાન કર્યું છે. તેમણે કહ્યું કે હજુ સુધી આ મામલે અમિત શાહ કે પીએમ મોદીમાંથી કોઈની માફી માંગવામાં આવી નથી. આ જ કારણ છે કે હવે કોંગ્રેસ માફી માંગવા માટે સમગ્ર દેશમાં આ મુદ્દો ઉઠાવવા જઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આંબેડકર પરના કથિત નિવેદન બાદ કોંગ્રેસ સતત ભાજપ પર પ્રહારો કરી રહી છે અને શાહના રાજીનામાની માંગ કરી રહી છે, પરંતુ અમિત શાહે કોંગ્રેસની માંગને ફગાવી દીધી છે અને કોંગ્રેસને દલિત વિરોધી અને આંબેડકર વિરોધી ગણાવી છે.

અમિત શાહની રાજ્યસભામાં કોંગ્રેસના બી.આર. તે આંબેડકરને લગતી ટિપ્પણીને લઈને તેમના રાજીનામાની માંગ કરી રહી છે, જે મંત્રીએ વિપક્ષી પાર્ટી પર પ્રહાર કરતી વખતે કરી હતી. ૨૩ (ડિસેમ્બર) ના રોજ ૧૫૦ થી વધુ શહેરોમાં, આપણા લોકસભા અને રાજ્યસભાના સાંસદો, CWC સભ્યો ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી સાથે પ્રેસ કોન્ફરન્સ કરશે અને બાબાસાહેબ આંબેડકરનું જે રીતે અપમાન કર્યું છે તેની નિંદા કરશે. ખેડાએ વધુમાં જણાવ્યું હતું કે પાર્ટી ૨૪ ડિસેમ્બરે બાબા સાહેબ આંબેડકર સન્માન માર્ચ કાઢશે અને જિલ્લા કલેક્ટર દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મેમોરેન્ડમ આપશે. ૨૪ ડિસેમ્બરે, અમે અમારા જિલ્લા મુખ્યાલય સુધી કૂચ કરીશું અને રાષ્ટ્રપતિને સંબોધિત કલેક્ટરને મેમોરેન્ડમ આપીશું - તેમાં પણ અમે અમિત શાહના રાજીનામાની અમારી માંગને પુનરાવર્તિત કરીશું.

ભીમરાવ આંબેડકરને લઈને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નિવેદન પર ભડકેલી બસપા અધ્યક્ષ માયાવતીએ તેમને પોતાના શબ્દ પરત લઈ પશ્ચાતાપની માંગ કરી છે. એક્સ પર તેઓએ લખ્યું કે, હજુ સુધી ગૃહમંત્રીએ બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકર પર આપેલા પોતાના નિવેદનને પરત નથી લીધું, તેથી પોતાની આ માંગના સમર્થનમાં બસપાએ પણ ૨૪ ડિસેમ્બરે દેશવ્યાપી આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. ૨૪ ડિસેમ્બરે બસપા કાર્યકર્તા તમામ જિલ્લા મુખ્યાલયો પર શાંતિપૂર્ણ ધરણા પ્રદર્શન કરશે. દેશના વંચિત સમાજ માટે બંધારણના રચયિતા ડો. આંબેડકર ભગવાનની જેમ પૂજનીય છે. કેન્દ્રીય મંત્રી દ્વારા કરવામાં આવતું તેમનું અનાદર વંચિત સમાજના લોકોની લાગણીને દુભાવનારૂ છે.

### અમદાવાદ NCBએ આંતરરાષ્ટ્રિય ડ્રગ્સ રેકેટનો કર્યો પર્દાફાશ : ગુજરાત, મહારાષ્ટ્ર કર્ણાટક NCBનું સંયુક્ત ઓપરેશન

# મસાલાની જગ્યાએ ડ્રગ્સ મોકલવાનું કારસ્તાન : ૩ નાઈઝિરીયન ઝબ્બે

અમદાવાદ, તા. ૨૨
સમગ્ર દેશમાં હાલ ડ્રગ્સ રેકેટ ખૂબ વ્યાપક પ્રમાણમાં સામે આવી રહ્યું છે ત્યારે ગઈકાલે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોને બાદમે મળી હતી કે ગુજરાતથી ગરમ મસાલામાં ડ્રગ્સની હેરફેર કરવામાં આવી રહી છે જેમાં ત્રણ નાઈજીરિયન વ્યક્તિઓ સંડોવાયેલા છે એટલું જ નહીં અમેરિકા મોકલવામાં આવનાર આ ડ્રગ્સ અંગેની બાંધણી મળી હતી જે બાદ હાલ એનસીબી અમદાવાદ દ્વારા તપાસ આ રમવામાં આવી હતી અને આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

અમદાવાદ ગઈઈએ આંતરરાષ્ટ્રિય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. ગઈઈએ ત્રણ નાઈજિરિયન નાગરિકો સહિત ૪ની ધરપકડ કરી છે. આ શખ્સો પાર્સલની હેરફેરની આડમાં ડ્રગ્સનો વેપાર કરતા હતા. આ શખ્સો વિવિધ બ્રાન્ડના મસાલાના પેકેટોમાં ડ્રગ્સની હેરફેર કરતા હતા. મળતા અહેવાલ પ્રમાણે ગઈઈને બાતમી મળી હતી કે કુરિયર દ્વારા આ શખ્સો બે કિલો કેટાઈમાની ડ્રગ્સ અમેરીકા મોકલવામાં આવવાના છે. આ બાતમીના આધારે આ શખ્સોની ધરપકડ કરીને કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું.

ગુજરાત મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં સંયુક્ત ઓપરેશન કરી આરોપીઓને ધરપકડ કરવામાં આવી હતી. આ શખ્સોની ધરપકડ કર્ણાટકના બેલ્લાહલ્લી વિસ્તારમાંથી કરવામાં આવી હતી. કેટામાઈનની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં મોટા પાયે માંગ રહેતી હોય છે, તેનો ઉપયોગ ડેટ રેપ ડ્રગ તરીકે પણ થાય છે.૮ તારીખના રોજ અદનાન ફર્નિચરવાલાની કર્ણાટકમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તો બીજી તરફ તપાસમાં સામે આવ્યું કે આ અદનાન નાઈજીરીયન ગેંગના શખ્સો સાથે મળીને આંતરરાષ્ટ્રિય ડ્રગ્સનો વેપાર કરતો હતો. ૧૮ ડિસેમ્બરના રોજ દિલ્હીના મહેરૌલી વિસ્તારમાંથી ઈમેન્યુઅલ ઈફ, એકલેમે અહેમફુલા જોસેફ અને ઈમેન્યુએલ ઓસાજા સાથે ધરપકડ કરવામાં આવી હતી.

હાલ કેન્દ્ર સરકાર દ્વારા તમામ સેન્ટ્રલ એજન્સીને તાકીદ કરવામાં આવી છે કે જે જગ્યા અને જે લોકો દ્વારા ગેરરિતી આચરવામાં અવતી હોય તેના પર ગંભીર પગલાં લે એટલું જ નહીં હાલ ડ્રગ્સ રેકેટ પણ ગુજરાત સહિત સમગ્ર દેશમાં સામે આવી રહ્યા છે. ત્યારે તેને અંકુશમાં લાવવા હાલ એક વિશેષ કવાયત હાથ ધરવામાં આવેલી છે. જેના ભાગરૂપે અત્યારે નારકોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો તથા અન્ય એજન્સી હાલ ખાસ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવા અને આ દુષણને દૂર કરવા માટે કામ કરી રહી છે. હવે આગામી દિવસોમાં ડ્રગ્સ રેકેટ સાથે સંકળાયેલા એ તમામ ઉપર તવાઈ બોલાવવામાં આવશે. કારણ કે, નાકોર્ટિક્સ કન્ટ્રોલ બ્યૂરોની સાથો સાથ અન્ય સેન્ટ્રલાઇઝસડ એજન્સી પણ આ ઝૂબેશમાં સહભાગી બની છે. ત્યારે ગઇકાલે અમદાવાદ એનસીબીને જે સફળતા મળી તે બાદ હવે આની લિંક ક્યા સુધી પહોંચી છે તેની તપાસ હાથ ધરાશે.



### ગુજરાતે સ્થાપિત કર્યું સુશાસનનું વધુ એક ઉદાહરણ

# ૬૮૦ યોજનાઓની માહિતી 'મારી યોજના' પોર્ટલ પર

## રાજ્યના નાગરિકો સંબંધિત યોજનાઓનો લાભ એક જ સિંગલ પોર્ટલ પરથી પારદર્શક રીતે અને સરળતાથી મેળવી શકશે

રાજકોટ, તા. ૨૨

સુશાસન એટલે સર્વસમાવેશી વિકાસ સાથે સંકળાયેલું વહીવટીતંત્ર, જે કોઈપણ રાજ્ય કે દેશનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરે છે. સુશાસન લોકસશક્તિકરણનું ઉદાહરણ છે. સુશાસન એટલે છેવાડાના માનવી સુધી વિકાસની ધારા વહે અને રાજ્ય અને દેશનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થાય.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં સુશાસનની જે પ્રણાલી વિકસિત કરી હતી, તેને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ ધપાવી રહ્યા છે.

રાજ્યમાં સુશાસનનું વધુ એક ઉદાહરણ સ્થાપિત કરતા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) સાથે સંયુક્ત રીતે 'મારી યોજના' પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી સામાન્ય નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી ''મારી યોજના'' પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦ થી પણ વધુ યોજનાઓની માહિતી આ પોર્ટલ પર નાગરિકોને ઉપલબ્ધ થશે. આ પોર્ટલની મદદથી રાજ્યના નાગરિકો વિવિધ યોજનાઓથી માહિતગાર થશે તેમજ પોતાને લાગુ પડતી યોજનાઓનો લાભ પારદર્શક રીતે અને સરળતાથી મેળવી શકશે.



### મારી યોજના પોર્ટલની વિશેષતાઓ

પોર્ટલ પર વિવિધ સરકારી યોજનાઓ, તેનો સારાંશ, પાત્રતાના માપદંડો, મળવાપાત્ર લાભો અને જરૂરી બિડાણો, અરજી પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે. નાગરિકો શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવા વિવિધ ક્ષેત્રોની યોજનાઓને સરળતાથી આ પોર્ટલ પર શોધી શકે છે. આ ઉપરાંત, નાગરિકો આ પોર્ટલ પર મલ્ટિપલ પર્સનલાઈઝ્ડ ક્રાઈટેરિયા એટલે કે વિવિધ વ્યક્તિગત માપદંડોના આધારે પોતાને ઉપયોગી માહિતીની શોધ કરી શકે છે.

નાગરિકો પોતાની વ્યક્તિગત વિગતો અને સામાજિક-આર્થિક પરિબળોના આધારે સરકારી યોજનાઓ માટે પાત્રતા ધરાવે છે કે કેમ તે જાણી શકશે. ગુજરાતના નાગરિકોની સુલભતા માટે આ પોર્ટલ પર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં માહિતી ઉપલબ્ધ થશે. પોર્ટલના સરળ ઈન્ટરફેસ થકી ટેક્નિકલ જ્ઞાન ન ધરાવતા લોકો પણ તેનો અસરકારક રીતે ઉપયોગ કરી શકશે.

### મારી યોજના પોર્ટલના ફાયદાઓ

**એક જ સિંગલ સ્ત્રોતમાંથી સરળતાથી સરકારી યોજનાઓ સંબંધિત માહિતી મેળવી શકાશે**

**સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે અરજીની પ્રક્રિયા આ પોર્ટલ થકી સરળ બનશે**

**રાજ્યના છેવાડાના નાગરિકો કોઈપણ કચેરીના ધક્કા ખાધા વગર, સમય અને અંતરના બાધ વિના ઘરેબેઠા યોજનાઓની માહિતી સરળતાથી મેળવી શકશે**

**ડિજિટલ સશક્તિકરણ થકી સરકાર અને નાગરિકો વચ્ચે એક સેતુ બંધાશે, જે નાગરિકો માટે સુવિધા ઉભી કરશે**



### પોર્ટલ પર આગામી સમયમાં ઉપલબ્ધ થશે AI ચેટબોટ

રાજ્ય સરકાર દ્વારા સંબંધિત યોજનાઓને લગતા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે મારી યોજના પોર્ટલ માટે AI સંચાલિત ચેટબોટનો વિકાસ પણ કરવામાં આવી રહ્યો છે. તેના થકી રાજ્ય સરકાર પોતાના નાગરિકો સુધી સરળતાથી પહોંચી શકશે, અને નાગરિકોને રાજ્યની તમામ યોજનાઓ સંબંધિત માપદંડો, અરજી પ્રક્રિયા, સમયમર્યાદા સહિત તમામ માહિતીઓ વાસ્તવિક સમય પર અને પોતાની માતૃભાષામાં મેળવવા માટે સક્ષમ બનાવશે. મારી યોજના પોર્ટલ સરકારી કાર્યપદ્ધતિને વધુ સમાવિષ્ટ, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાની દિશામાં એક પહેલ છે. આ ઓનલાઈન પોર્ટલ થકી સરકારી યોજનાઓનો લાભ નાગરિકો સુધી પહોંચાડવાની પ્રક્રિયા સરળ અને પારદર્શી બનશે, જેનાથી સરકાર અને નાગરિકો વચ્ચે વિશ્વાસના સિંચન થકી સુશાસન સુદ્રઢ બનશે.

### મારી યોજના પોર્ટલની અસરો

મારી યોજના પોર્ટલ ગુજરાતમાં યોજનાના લાભ અને સેવાઓના વિતરણની કાર્યક્ષમતા પર સકારાત્મક અસર કરશે. પોર્ટલ થકી યોજનાઓના લાભો મેળવવા માટેની અરજીની પ્રક્રિયામાં થતો વિલંબ ઘટવાથી સરકાર તેમજ નાગરિકોના સમય અને સંસાધનોની બચત થશે. રાજ્યના છેવાડાના માનવીઓને સરકારી લાભ મેળવવાની સમાન તક મળશે. પારદર્શક અને સાચી માહિતી મળવાથી સરકારી કલ્યાણ કાર્યક્રમોમાં જનતાનો વિશ્વાસ વધશે.

# રાજધર્મ સાથે સમાજ સેવાની તક એ જ ધર્મકાર્ય : બાબરીયા

### બ્રહ્માકુમારી ડાયમંડ જ્યુબિલી ઉત્સવમાં મંત્રી ભાનુબેનની ઉપસ્થિતિ



રાજકોટ તા. ૨૨

રાજકોટ નજીક આવેલ હેપ્પી વિલેજ ખાતે બ્રહ્માકુમારી ડાયમંડ જ્યુબિલીની ઉજવણીમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા સામેલ થયા હતા. આ પ્રસંગે મંત્રીએ કહ્યું હતું કે, રાજકાર્ય સાથે સમાજ સેવાની તક ધર્મકાર્ય સમાન છે.સામાન્ય રીતે પ્રભુ પ્રાર્થના સમયે પણ લોકો અનેક માંગણીઓ કરતા હોય છે પરંતુ જો ઈચ્છાઓ ઓછી રાખવામાં આવે તો સુખ નજીક જ છે તેવો સંદેશ આપતી આ સંસ્થા સમાજના ચરિત્ર નિર્માણમાં સિંહફાળો આપી રહી છે, જે ખૂબ સરાહનીય છે. આ તકે બ્રહ્માકુમારી સંસ્થાના સેક્રેટરી રાજયોગી બ્રિજ મોહનભાઈજી, રાજયોગીનીઓ ભારતી દીદી, ચંદ્રિકા દીદી તથા ભારતભરમાંથી પધારેલ ૧૫૦૦થી વધુ અનુયાયી બહેનો અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તરાયણના પડઘમ વચ્ચે તૈયાર કરાતી ''પાકી'' દોરી



રાજકોટ મિરર, તા.૨૨

ઉત્તરાયણના પડઘમ વાગી રહ્યા છે. પ્રતિ વર્ષ રાજકોટમાં લાખો રૂપિયાની પતંગોનું અને દોરીનું વેંચાણ થઇ જાય છે. રાજકોટિયંશ સવારથી જ ધાબે ચડીને પતંગોત્સની ગાંડાતૂર બનીને મોજ માણે છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ મહોત્સવ દરમિયાન એકાબીજા પતંગવીરો, એકાબીજાની પતંગ(દોરી) કાપીને.. કાપ્યો.. છે... જેવી ચિચિયારીઓથી આસપાસનું વાતાવરણ ગુંજવી દે છે. મતલબ કે કોનો કેટલો દોરો પાકો ? તે વાત પરથી પતંગોત્સવનો નિજાનંદ સૌ કોઈ માણે છે. શહેરીજનોને આ વર્ષની ઉત્તરાયણ પણ જોઈએ તેવી દોરી મળી રહે તે માટે પરપ્રાંતીય શ્રમિકોએ કાચી દોરીને માંજો ચડાવવાની મજુરી ઠેર ઠેર ચાલુ કરી દેવાઈ હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થઇ ગયા છે. દોરીને કાચ સમેત માંજો ચડાવતા બીરજુ સહનીએ કહ્યું કે, શહેરમાં અનેક સ્થળોએ દોરીને પાકી બનાવવા તેના જેવા યુપી, બિહારના અનેક કારીગરો ઉત્તરાયણ પૂર્વે એટલે કે દોઢ-બે મહિના પહેલા જ કામગીરી-મજૂરી શરુ કરી દે છે. દોરીને પાકી બનાવવાની મજુરી સાથે સંકળાયેલા શ્રમિકોએ સજળ નયને કહ્યું કે, સાબ, હમારી દોરી લોગે તો ઘર બૈઠે બચ્ચે ખુછ ખા-પી શકેંગે ! મતલબ કે આવા કારીગરો માટે આવી મજુરી સમયાંતરે ગુજરાન બની જતી હોય છે. ત્યારે પ્રતિબંધ હોવા છતાં ચાઇનીઝ દોરી વાપરતા શહેરીજનોએ આવી તનતોડ મજુરી કરતા કારીગરો પાસેથી દોરી ખરીદીને તેમની રોજગારી, ગુજરાન ચલાવવામાં નિમિત બનવું જોઈએ તેવું બુઝુર્ગો કહે છે. રોજ ૪૦-૫૦ ફીરકી બનાવી લેતા કારીગરો પ્રસ્તુત તસવીરોમાં કાચી દોરીને માંજો ચડાવતા દેખાય છે.

# સરધાર ખાતે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ

### પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ બાળકના શિક્ષણનો મહત્વનો પાયો છે, આંગણવાડી તેને મજબૂત બનાવે છે





રાજકોટ, તા. ૨૨

સામાજિક અને ન્યાય અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટ જિલ્લાના સરધાર ખાતે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ તથા તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે,અક્ષર જ્ઞાન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ બાળક આંગણવાડી કેન્દ્રમાં જઈ શીખે છે ત્યારે બાળકની બીજી માતા યશોદા તેના ઉજજવળ ભવિષ્યની દરકાર લે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણએ બાળકના શિક્ષણનો મહત્વનો પાયો છે ત્યારે બાળકો આંગણવાડીઓમાં જઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવી પાયાના શિક્ષણમાં મજબૂત બનશે.

આ સાથે જ મંત્રીશ્રીએ આંગણવાડી કેન્દ્ર ખાતે વધુમાં વધુ વૃક્ષારોપણ અને કિચન ગાર્ડન બનાવવા પર ભાર મૂક્યો હતો.

લોકાર્પણ પ્રસંગે મંત્રીના હસ્તે ભુલકાઓને સ્વેટર અર્પણ કરવામાં આવ્યા હતા. બાળકોએ નૃત્ય દ્વારા મંત્રીનું સ્વાગત અભિવાદન કર્યું હતું. મંત્રીએ ભારતીય પરંપરા અનુસાર નંદઘર ખાતે કુંભ સ્થાપન કરી દીપ પ્રજવલન કર્યું હતું. વિશેષતઃ બાળકો સાથે સંવાદ કરી તેમને સ્વહસ્તે પોષણક્ષમ નાસ્તો જમાડ્યો હતો તેમજ બાળગીત વગેરે તેમની પ્રવૃત્તિઓ નિહાળી ભૂલકાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

અત્રે ઉલેખનીય છે કે, રૂ.૭.૪૫ લાખના ખર્ચે આંગણવાડી કેન્દ્ર તથા ૧.૫ લાખના ખર્ચે મેદાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.જેમાં બાળકો માટે શિક્ષણ કક્ષ, રસોડું, સંગ્રહ કક્ષ, શૌચાલય અને રમતગમતના સાધનો સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, મામલતદાર કે.એચ.મકવાણા, તાલુકા પંચાયત સદસ્ય ચેતનભાઇ પાણ, સરધારના સરપંચ પીન્ટુભાઇ ઢાંકેચા,અગ્રણી મનહરભાઈ બાબરીયા, મહિલા અને બાળ કલ્યાણ અધિકારી જનકસિંહ ગોહિલ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટની વિશેષ સિદ્ધિ

# અંદાજે ૮૦૦થી વધુ સરકારી સેવાઓ નાગરિકોના ઘર આંગણે ઉપલબ્ધ

### વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ

### અંદાજે ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડની શિષ્યવૃત્તિની DBT દ્વારા ચૂકવાઈ

રાજકોટ, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ભારત'ના સ્વપનને સાકાર કરવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શી, સરળતાથી અને ઝડપથી મળી રહે તેવા હેતુસર 'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ કાર્યરત છે.

રાજ્યમાં નવી ટેક્નોલોજી સાથે જનહિતલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ મહત્વનું પગલું સાબિત થયું છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને ૮૦૦થી વધુ સરકારી સેવાઓ-યોજનાઓ વિવિધ પ્લેટફોર્મ્સ જેવા કે ઓનલાઇન, જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો, સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે તેમજ આંગળીના ટેરવે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.ડિજિટલ ગુજરાત અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ મળી છે. સ્કોલરશિપ કાર્યક્રમ હેઠળ, ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડની માતબર રકમની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફિશરી ટ્રાન્સફર-ઉઇઝ દ્વારા સીધા તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી છે.

આ ઉપરાંત 'સેવા સેતુ' કાર્યક્રમ થકી ગુજરાત સરકારે નાગરિકોના ઘર આંગણે જઈ ૧૦ તબક્કામાં કુલ ૩.૦૭ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરી વિવિધ સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ સાથે વધુમાં વધુ નાગરિકો જોડાય તેવા ઉમદા હેતુથી સતત નવા-નવા સુધારા કરવામાં આવી રહ્યા છે. જેમાં નાગરિકોને વ્હોટ્સએપ પર સીધીસરકારી સેવાઓની માહિતી મેળવવા માટે વ્હોટ્સએપ ચેટબોટ પણ બનાવવામાં આવ્યું છે તેવી જ રીતે ડિજિટલ ગુજરાત ચેટબોટ નાગરિકોના પ્રશ્નોના જવાબ આપી તેમને માર્ગદર્શિત કરશે. દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાને દૂર કરીને સમય બચતની સાથે પારદર્શી રીતે પ્રમાણપત્રો સરળતાથી મેળવવાં માટે ઈ-સાઈન અને ઈ-સીલની સુવિધા પણ આપવામાં આવી રહી છે.

વધુમાં આગામી સમયમાં 'ડિજિટલ ગુજરાત ૨.૦' હેઠળ અદ્યતન ટેક્નોલોજી અને આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ- અઈનો ઉપયોગ કરી સરકારની સેવાઓ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે તેનાં લાભાર્થી સુધી પહોચાડવામાં આવશે તેમ, સાયન્સ અને પ્રૌદ્યોગિક વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### આજે 'રાષ્ટ્રીય ખેડૂત દિવસ' ખેડૂતોના યોગદાનને બિરદાવવાનો અવસર

# ગુજરાત સરકારે ખેડૂતોના કલ્યાણ અર્થે કર્યા અનેક કાર્યો

## સ્માર્ટ ફોન, ડ્રોન સહિતની ટેક્નોલોજીના ઉપયોગ થકી હવે ખેડૂતો બની રહ્યા છે હાઈટેક

રાજકોટ, તા. ૨૨

ખેતીપ્રધાન દેશ ભારતમાં ૨૩મી ડિસેમ્બર રાષ્ટ્રીય ખેડૂત દિવસ તરીકે મનાવવામાં આવે છે. ભારતના પાંચમા વડાપ્રધાન ચૌધરી ચરણસિંહનો જન્મ ૨૩ ડિસેમ્બર ૧૯૦૨ના રોજ થયો હતો. ચૌધરી ચરણસિંહ ખેડૂતોના ઉદ્ધારક તરીકે જાણીતા છે. એક ખેડૂત હોવાને કારણે ખેડૂતોની સમસ્યાઓ અને પરિસ્થિતિથી તેઓ સારી રીતે વાકેફ હતા. સત્તામાં આવ્યા પછી તેમણે કૃષિલક્ષી ઘણા સુધારા કર્યા હતા. આથી વર્ષ ૨૦૦૧થી ચૌધરી ચરણસિંહના માનમાં, તેમના જન્મ દિવસ ૨૩મી ડિસેમ્બરને રાષ્ટ્રીય ખેડૂત દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ દિવસે દેશના વિકાસ અને પ્રગતિમાં ખેડૂતોના યોગદાનને બિરદાવવામાં આવે છે. આ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો એક હેતુ ખેડૂતો કૃષિ ક્ષેત્રે અદ્યતન શિક્ષણ મેળવીને સશક્ત બને તેવો પણ છે.

નોંધનીય છે કે, ગુજરાત સરકાર વિકાસ તેમજ જનકલ્યાણની યોજનાઓમાં કૃષિ તેમજ ખેડૂતોને હંમેશા પ્રાધાન્ય આપે છે. રાજયમાં ખેડૂતોને કૃષિની અદ્યતન જાણકારી આપીને કૃષિ ઉત્પાદન પાંચ વર્ષમાં બમણું કરવાના ઉદ્દેશ્ય સાથે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ વર્ષ–૨૦૦૫માં કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. એ પછી ગુજરાત સરકાર દર વર્ષે કૃષિ મહોત્સવ યોજે છે. હાલમાં જ ૬ઠ્ઠી ડિસેમ્બરે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવનો આરંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને આગવી ઓળખ આપવા એગ્રિસ્ટેક પ્રોજેક્ટ હેઠળ 'ફાર્મર રજીસ્ટ્રી' શરૂ કરવામાં આવી છે. જેમાં ખેડૂત ખાતેદારના લેન્ડ રેકર્ડને યુનિક આઈ.ડી. સાથે લિંક કરવામાં આવે છે. ૧૫મી ઓક્ટોબરથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં, ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ ખેડૂત લાભાર્થીઓને જોડવાનો લક્ષ્યાંક રખાયો છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૨૨ લાખ ખેડૂતો એટલે કે, ૩૩ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ ચૂકી છે. સમગ્ર દેશમાં ગુજરાતે સૌપ્રથમ ૨૫ ટકા નોંધણી પૂર્ણ કરતા, ભારત સરકાર તરફથી ગુજરાતને રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે, જેનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં થશે.

ખેડૂતોના કલ્યાણ માટે ગુજરાત સરકાર કૃષિ ક્ષેત્રે ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગને હંમેશા પ્રોત્સાહન આપી રહી છે. કૃષિલક્ષી યોજનાઓ માટે ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકે અને પારદર્શકતા જળવાઈ રહે તે માટે વર્ષ ૨૦૧૪-૧૫થી આઈ-ખેડૂત પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨થી લઈને આજ સુધીમાં ૪૫.૮૫ લાખથી વધુ ઓનલાઈન અરજીઓ પોર્ટલ પર આવી છે.



ખેડૂતો કૃષિલક્ષી માહિતીથી અપડેટ રહે તેમજ સહાય કે યોજના માટે ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨થી સ્માર્ટફોન ખરીદી પર સહાયની યોજના શરૂ કરાઈ છે. જેના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ તેમજ ૨૦૨૩-૨૪ દરમિયાન ૪૯,૯૨૨ ખેડૂતોને રૂપિયા ૨૮ કરોડથી વધુની રકમ ચૂકવાઈ છે. ઉપરાંત ૨૦૨૨-૨૩થી કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી ઉપયોગની યોજના શરૂ કરાઈ છે. જેના હેઠળ પાક સંરક્ષણ રસાયણો, નેનો યૂરિયા, એફ.સી.ઓ. માન્ય પ્રવાહી તેમજ જૈવિક ખાતરના છંટકાવ માટેની યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૩-૨૪ દરમિયાન રાજ્યમાં ૨૫ હજારથી વધુ એકરમાં ડ્રોનનો ઉપયોગ થયો છે અને તેના માટે ૬૩૬૭ ખેડૂતોને રૂ. ૧૨૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

મહત્ત્વનું છે કે, નજીકના ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતીનું બજાર રૂ. ૧૦ લાખ કરોડના વૈશ્વિક બજારને આંબવા જઈ રહ્યું છે, ત્યારે ગુજરાતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવા ગુજરાત સરકાર મિશન મોડમાં કામ કરી રહી છે. ગુજરાતમાં અત્યારે ૯.૭૦ લાખથી વધુ ખેડૂતો ૭.૯૨ લાખથી વધુ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરીને ધરતીને નંદનવન બનાવી રહ્યા છે, સાથે ઝેરમુક્ત, રસાયણમુક્ત ખેતઉપજોના સારા ભાવ પણ મેળવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા ૨૩ વર્ષમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. રાજ્યનો પિયત વિસ્તાર આજે ૬૨ લાખ હેક્ટર થયો છે, તો કૃષિ ઉત્પાદન પણ રૂપિયા ૨.૭ લાખ કરોડ સુધી પહોંચી રહ્યું છે.

કહેવાની જરૂર નથી કે, આપણે ખોરાક વિના જીવી શકતા નથી અને આપણો મોટાભાગનો ખોરાક ખેડૂતો દ્વારા ઉત્પાદિત અનાજ, કઠોળ અને ફળો અને શાકભાજીમાંથી આવે છે. આપણું પેટ ખેતરોમાં ખેડીને ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઉપજથી જ ભરાય છે. જો અમારી પાસે ખેડૂતો નથી, તો અમે અસ્તિત્વમાં નથી. ખેડૂત દિવસ વિવિધ દેશોમાં અલગ-અલગ તારીખે ઉજવવામાં આવે છે, જ્યારે આપણા દેશમાં દર વર્ષે ૨૩મી ડિસેમ્બરે ખેડૂત દિવસ ઉજવવામાં આવે છે.ખેડૂતોની ખેડૂતોની સમસ્યાઓ:આજે વિશ્વને રોટલો ખવડાવનાર ખેડૂત દેશમાં અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. ખેડૂતો અનેક કારણોસર આત્મહત્યા કરી રહ્યા છે. ઘણા ખેડૂતો દેવામાં ડૂબી ગયા છે. આ માટે સરકાર અને અન્ય ઘણા આર્થિક રીતે સક્ષમ લોકોએ યોગ્ય પગલાં લેવા જોઈએ અને તેમને મદદ કરવી જોઈએ. આ ખાસ દિવસ ભારતના પાંચમા વડાપ્રધાન અને ખેડૂતોના મસીહા તરીકે ઓળખાતા ચૌધરી ચરણ સિંહની જન્મજયંતિ પર દર વર્ષે ઉજવવામાં આવે છે. ભારતીય ખેડૂતોની સ્થિતિ સુધારવાનો શ્રેય ચૌધરી ચરણ સિંહને જાય છે. પોતે એક ખેડૂત હોવાને કારણે ખેડૂતોની સમસ્યાઓ અને પરિસ્થિતિથી તેઓ સારી રીતે વાકેફ હતા, તેથી તેમણે ખેડૂતો માટે ઘણા સુધારા કર્યા.

દર વર્ષે ૨૩ ડિસેમ્બરને ભારતમાં રાષ્ટ્રીય ખેડૂત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ અને દેશના ખેડૂતોના સન્માન માટે પસંદ કરવામાં આવ્યો હતો.હકીકતમાં, ૨૩ ડિસેમ્બરને ખેડૂત દિવસ ઉજવવા માટે પસંદ કરવામાં આવ્યો હતો કારણ કે આ દિવસ ભારતના ૫માં વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહનો જન્મદિવસ છે, જેઓ એક ખેડૂત નેતા તેમજ વડાપ્રધાન હતા અને ભારતીય ખેડૂતોના જીવનને સુધારવા માટે કામ કર્યું હતું. આ માટે તેમણે અનેક કાર્યક્રમો અને યોજનાઓ પણ ચલાવી હતી. તેમણે ખેડૂતોની પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.





રાજકોટ મિરર તંત્રીની કલમે

# લગે રહો

## મહાપાલિકાના કમિશ્નર લોકો વચ્ચે, પરિણામ મળે તો જ...



એક સમયે રાજકોટ માત્ર રંગીલું જ નહિ, આદર્શ શહેર પણ હતું. વર્તમાનમાં વિકાસકાર્યો ખૂબ થયા છે, પરંતુ સરેરાશ સ્થિતિ જુઓ તો લોકોની સુખાકારીને બદલે હાલાકી વધી છે. એડવાન્સ કરવેરા ઉઘરાવી લેનાર મહાપાલિકા સામે વ્યાપક અસંતોષ ફેલાયો છે. ઘણા વિસ્તારોમાં તો પ્રાથમિક સુવિધાનો પણ અભાવ છે.

લાંબા સમયથી વહીવટ કથળી ગયાનું અનુભવાય છે. મહાપરિવર્તન થાય તેવી કોઈ આશા પણ રહી ન હતી. જો કે રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નર પદે તુષાર સુમેરાની નિમણૂક થયા બાદ તેઓએ જે વલણ અખત્યાર કર્યુ છે તે આશાસ્પદ અને આવકાર્ય છે.

તુષારજીએ રાજકોટમાં નવી સીસ્ટમ અપનાવી છે. માત્ર ચેમ્બરમાં બેસી રહેવાને બદલે લોકો વચ્ચે જઈને સમસ્યાઓ સાંભળી રહ્યા છે. આ કાર્ય સરળ નથી. મોટાભાગે લોકોને ટોંચના અધિકારીઓના દર્શન પણ થતા હોતા નથી. લોકો રીયલ પ્રશ્નો લઈને મહાપાલિકાએ પહોચે તો પણ અધિકારીઓ મળતા હોતા નથી.

આવા નકારાત્મક માહોલમાં તુષાર સુમેરા ચેમ્બરથી બહાર નીકળીને લોકોના દર્દ જાણે એ સલામને યોગ્ય પ્રક્રિયા છે. રાજકોટમાં લગભગ દરેક વિસ્તારોમાં સમાન સમસ્યાઓ છે. મુખ્ય માર્ગોને બાદ કરતા આંતરિક માર્ગો પર ગંદકી રહે છે. ગેરકાયદે દબાણો વ્યાપક પ્રશ્ન છે. સમગ્ર શહેરમાં કચરા ગાડીની દશા જ કચરાથી પણ ખરાબ લાગે છે. ગાડીમાં મહાકાય ગંદા પોટલા લટકતા હોય છે, જેમાંથી ગંદકી માર્ગો પર છલકાતી હોય છે.કોર્પોરેશનને લગતા સામાન્ય પ્રશ્નોમાં પણ લોકોને ઉકેલ કે જવાબો મળતા નથી. ચોમેર સેટિંગનો જ માહોલ જોવા મળે છે. ત્રાહિમામ બનીને લોકો માર્ગો પર આવી જાય ત્યારે તંત્ર દોડધામ કરી મૂકે છે. આ દશા એક વોર્ડની નહિ, સમગ્ર રાજકોટની છે. મહાપાલિકા મનસ્વી કે સેટિંગ પ્રમાણે જ કામ કરતી હોવાની છાપ બની ગઈ છે.

આવી નેગેટીવ આભા વચ્ચે તુષાર સુમેરા લોકો સુધી પહોચે એ હિંમતનું કામ ગણાય. જો કે રાજાશાહીમાં પણ રાજા વેશ બદલીને લોકો વચ્ચે જઈને રાજની સ્થિતિ અનુભવતા હતા. આ આદર્શ પરંપરાને તુષારભાઈએ નવી સીસ્ટમમાં શરુ કરી તે આનંદની બાબત છે.સાચી બાબત એ પણ છે કે, રાજકોટમાં મહાપાલિકાને લગતી સમસ્યાઓ જગ જાહેર છે. આ માટે રીસર્ચ વર્ક કરવાની જરૂર લગતી નથી. જરૂર એક્શનની છે. પૂરી તાકાત સાથે આકરાં પગલાં ભરીને પરિણામલક્ષી કાર્યવાહી બને તો જ યોગ્ય ગણાય. અધિકારીઓ લોકો વચ્ચે જાય તો પ્રસિદ્ધિ ખુબ મળે, પણ સમસ્યાઓ ઝડપથી ઉકેલાય તે જરૂરી હોય છે.

તુષારજીના પ્રયાસો પરિણામલક્ષી બને તેવી શુભેચ્છા. મહાપાલિકાના કમિશ્નરની જેમ પોલીસ કમિશ્નર, કલેકટર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓએ પણ ચેમ્બર છોડીને લોકો વચ્ચે જવું જરૂરી છે. બ્રજેશકુમારજી લોકો વચ્ચે જાય તો લથડીયા ખાનારા પ્યાસીઓથી સલામત રહે તેવી પણ શુભેચ્છા છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ–ખીરસરા

# બાંગ્લાદેશનો આક્ષેપ : ભારત લોકોને કરી રહ્યું છે ગુમરાહ

## રાજકારણ ગરમાયુઃ યુનુસની ટિપ્પણી બાંગ્લાદેશને વર્ષ ૨૦૨૪ના અર્થશાસ્ત્રી દેશ તરીકે ઓળખાયુ

નવીદિલ્હી, તા. ૨૨

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર ડો.મુહમ્મદ યુનુસે પૂરા વિશ્વાસ સાથે કહ્યું છે કે દેશમાં ઈસ્લામિક ઉગ્રવાદને બળ મળશે નહીં. પ્રગતિશીલ બાંગ્લાદેશના નિર્માણનો પાયો યુવાનોના સંકલ્પ અને ધર્મ પ્રત્યેના તેમના નિષ્પક્ષ અભિગમ પર આધારિત છે. ડો. યુનુસની ટિપ્પણીઓ બાંગ્લાદેશને વર્ષ ૨૦૨૪ના અર્થશાસ્ત્રી દેશ તરીકે નામ આપવામાં આવ્યા બાદ આવી છે, જે એક એવા રાષ્ટ્રને ઓળખે છે જેણે પાછલા વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. આ સન્માન ઐતિહાસિક વિદ્યાર્થીની આગેવાની હેઠળના બળવા પછી આપવામાં આવ્યું છે જેણે શેખ હસીનાની સરમુખત્યારશાહી સરકારને ઉથલાવી દીધી હતી અને દેશ માટે પરિવર્તનશીલ યુગની શરૂઆત કરી હતી.



હું તમને ખાતરી આપી શકું છું કે આવું બિલકુલ નથી થઈ રહ્યું. આ ખૂબ જ ઉત્સાહી યુવાનો છે. તેઓ તેમના ધર્મ પ્રત્યે ખૂબ જ તટસ્થ છે. તેઓ એક નવું બાંગ્લાદેશ બનાવવા માંગે છે. યુવાનો વિશ્વને બદલી શકે છે તણાવગ્રસ્ત સંબંધોને વધુ એક ફટકો, બાંગ્લાદેશની વચગાળાની સરકાર દ્વારા રચવામાં આવેલા તપાસ પંચે ''જબરી રીતે ગુમ થવા'' ના કેસોમાં ભારતની સંડોવણીનો આક્ષેપ કર્યો છે. બાંગ્લાદેશની બળજબરીથી ગાયબ થવાની પ્રણાલીમાં ભારતની સંડોવણી જાહેર રેકોર્ડની બાબત છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળ, પાંચ સભ્યોના કમિશને કાયદા અમલીકરણ વર્તુળોમાં સતત સૂચનોનો જવાબ આપ્યો કે કેટલાક બાંગ્લાદેશી કેદીઓ હજુ પણ ભારતીય જેલોમાં રાખવામાં આવી શકે છે. અમે વિદેશ અને ગૃહ મંત્રાલયોને સલાહ આપીએ છીએ કે તેઓ કોઈપણ બાંગ્લાદેશી નાગરિકોને ઓળખવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરે જે હજુ પણ ભારતમાં અટકાયતમાં હોઈ શકે છે. બાંગ્લાદેશની બહાર આ ચિહ્નનો પીછો કરવો એ કમિશનના અધિકારક્ષેત્રની બહાર છે.

કમિશને બે અત્યંત પ્રસિદ્ધ કિસ્સાઓ'' નોંધ્યા જે બળજબરીથી ગુમ થવાના આચરણની સમજ આપે છે. એક કેસમાં સુખરંજન બાલી સામેલ છે, જેનું બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટ સંકુલમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું અને બાદમાં ભારતીય જેલમાં મળી આવ્યા હતા. બીજો કેસ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના નેતા સલાહુદ્દીન અહેમદનો હતો, જેનો અનુભવ બાંગ્લાદેશ-ભારત પ્રત્યાર્પણ પ્રણાલીનું ઉદાહરણ આપે છે. ૨૦૧૫ માં, ઢાકાના ઉત્તરા વિસ્તારમાં એક ઘરમાં છુપાઈને, અહેમદે શૌચાલય તરીકે કામ કરતા જમીનમાં છિદ્ર સાથે, ઉજ્જડ કોષમાં અટકાયતમાં હોવાનું વર્ણન કર્યું.

તેમણે ''TFI'' અક્ષરોથી ચિહ્નિત ધાબળો પ્રાપ્ત કરવાનું યાદ કર્યું, જે દર્શાવે છે કે તે ''પૂછપરછ માટે ટાસ્ક ફોર્સ'' તરફથી છે. કમિશને નોંધ્યું હતું કે તે સમયે, એકમાત્ર જાણીતા TFI કેન્દ્રનું સંચાલન રેપિડ એક્શન બટાલિયન (RAB) ઈન્ટેલિજન્સ વિંગ દ્વારા કરવામાં આવતું હતું. કમિશને પાછળથી સ્થળની મુલાકાત લીધી હતી અને પુષ્ટિ કરી હતી કે છબઇ હજુ પણ તેની ઍક્સેસને નિયંત્રિત કરે છે, જોકે સુવિધાના આંતરિક ભાગને ભારે નુકસાન થયું હતું.

# મંત્રીમંડળ વિસ્તરણથી ઘણા સભ્યો અસંતૃષ્ટ : અજીત પવાર

## બારામતીમાં રોડ શોમાં ભાગ લીધો હતો અને અનેક સન્માન સમારોહમાં હાજરી આપી

નવીદિલ્હી, તા. ૨૨

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે સ્વીકાર્યું કે કેટલાક સભ્યોમાં અસંતોષ સ્વાભાવિક છે. નવી સરકારમાં વિભાગોની વહેંચણીના એક દિવસ બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ વાત કહી હતી. મોટી સંખ્યામાં મંત્રીઓને કારણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દરેક મંત્રીને એક વિભાગ આપવો પડ્યો. પવારે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, દેખીતી રીતે, કેટલાક લોકો ખુશ છે અને કેટલાક નથી. પવાર, જેમણે નિર્ણાયક નાણા મંત્રાલય જાળવી રાખ્યું હતું, તેમના મતવિસ્તાર બારામતીમાં રોડ શોમાં ભાગ લીધો હતો અને અનેક સન્માન સમારોહમાં હાજરી આપી હતી. નાયબ મુખ્ય પ્રધાને સોમવારે તેમના કાર્યાલયનો ચાર્જ લેવાની યોજનાની જાહેરાત કરી હતી.



અટકી ગયેલી પહેલ અંગેની ચિંતાઓને સંબોધતા પવારે ધ્યાન દોર્યું હતું કે ૨૦ નવેમ્બરે યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે આદર્શ આચાર સંહિતા લાગુ થવાને કારણે અનેક પ્રોજેક્ટને રોકી દેવામાં આવ્યા હતા. ૨૩ નવેમ્બરે ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. અમને પેન્ડિંગ પ્રોજેક્ટ્સ સંબંધિત ઘણા સંદેશા પ્રાપ્ત થયા છે. અમને થોડો સમય આપો, અને દરેક કાર્ય પૂર્ણ થઈ જશે, પવારે જણાવ્યું હતું કે, મંત્રી હાલમાં તેમની સત્તાવાર જવાબદારીઓ ફરી શરૂ કરતા પહેલા સ્થાનિક મુદ્દાઓથી પરિચિત થવા માટે તેમના મતવિસ્તારની મુલાકાત લઈ રહ્યા છે, પવારે એ પણ જાહેર કર્યું કે મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર નિર્ધારિત છે ૩ માર્ચે મુંબઈમાં શરૂ થશે. મારો ઉદ્દેશ્ય બજેટ તૈયાર કરતી વખતે સીએમ ફડણવીસ અને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેને વિશ્વાસમાં લેવાનો છે.

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને શહેરી વિકાસ, આવાસ અને જાહેર કામોની જવાબદારી સોંપવામાં આવી હતી. બીજેપીની આગેવાની હેઠળના મહાગઠબંધનમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)નું પ્રતિનિધિત્વ કરતા અજિત પવારને નાણાં, આયોજન અને આબકારી ખાતાની ફાળવણી કરવામાં આવી છે. શનિવારે મોડી રાત્રે પોર્ટફોલિયોની જાહેરાત શાસક ગઠબંધનની અંદર વ્યાપક રાજકીય વાટાઘાટોની પરાકાષ્ઠા તરીકે ચિહ્નિત કરે છે.

# સંભલ સતત ચર્ચામાં : રાણીનો ૨ માળનો મળી આવ્યો વાવડો

## કૂવો અને તળાવ જૂના દસ્તાવેજોમાં પણ નોંધાયેલા : અતિક્રમણ દૂર કરવા કવાયત શરૂ

નવીદિલ્હી, તા. ૨૨

સંભલ સતત સમાચારોમાં રહે છે. આ દરમિયાન સંભલના લક્ષ્મણ ગંજ, ચંદૌસીના મહોલ્લા બાબરી વિસ્તારમાં રાણીની ૨ માળનો વાવડો મળી આવ્યો છે. આ પગથિયું બિલારીની રાણી સુરેન્દ્ર બાલાનું હોવાનું કહેવાય છે. વાસ્તવમાં આ સમગ્ર વિસ્તાર ૧૮૫૭ પહેલા હિંદુ પ્રભુત્વ ધરાવતો હતો. પરંતુ હવે આ વિસ્તાર સંપૂર્ણપણે મુસ્લિમ પ્રભુત્વ બની ગયો છે. તમને જણાવી દઈએ કે આ સ્ટેપવેલ અતિક્રમણ દરમિયાન ચલાવવામાં આવેલા અભિયાન દરમિયાન સામે આવ્યું છે. સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયાને ફરિયાદ મળી હતી, ત્યારબાદ અતિક્રમણ વિરુદ્ધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને આ પગથિયું પ્રકાશમાં આવ્યું હતું.




તમને જણાવી દઈએ કે પ્રશાસનની ટીમે જેમ જ મહોલ્લા બાબરી બસ્તીની વચ્ચે બુલડોઝરથી ખોદકામ શરૂ કર્યું, ત્યાં પ્રાચીન ઈમારતો દેખાવા લાગી. અત્યાર સુધી ખોદકામમાં બે માળની ઈમારત જોવા મળી છે. તમને જણાવી દઈએ કે કૂવો અને તળાવ જૂના દસ્તાવેજોમાં પણ નોંધાયેલા છે. એવું માનવામાં આવે છે કે આ વાવ ૨૫૦ ફૂટ ઊંડો હોઈ શકે છે. ખોદકામ દરમિયાન અત્યાર સુધીમાં પગથિયાંના ૮ ઓરડા, બે કૂવા અને ૨ સીડી મળી આવી છે. તમને જણાવી દઈએ કે ખોદકામ દરમિયાન એક સુરંગ પણ મળી આવી છે. હકીકતમાં, એવી દંતકથાઓ છે કે સંભલમાં ઘણી ઐતિહાસિક સુરંગો છે, જે દિલ્હી સહિત ભારતના ઘણા જૂના શહેરો અને કિલ્લાઓ તરફ દોરી જાય છે. હાલમાં, આ ટનલ કેટલી દૂર જાય છે તે જાણી શકાયું નથી. ખોદકામ ચાલુ છે.

સંભલના ચંદૌસીમાં વાવ પ્રકાશમાં આવ્યા પછી, સ્થાનિક મુસ્લિમ મોહમ્મદ નાઝિમે તેમના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે ઘરોની નીચે પગથિયાંનો કોઈ ભાગ નથી. જો આવું હતું તો વહીવટીતંત્રે આ વસાહત ક્યારે બની તે જોવું જોઈતું હતું. આ વાવમાં માટી ભરેલી હતી. બાળકો અહીં પડતા હતા. આ દરમિયાન સંભલના ચંદૌસી તહસીલ વિસ્તારમાં એક જૂનો વાવ મળી આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સ્ટેપવેલ અંદાજે ૧૫૦ વર્ષ જૂનો છે અને તે ૪૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં બનાવવામાં આવ્યો છે.

માહિતી અનુસાર, સંભલના ચંદૌસી તહસીલ વિસ્તારના લક્ષ્મણગંજમાં ખોદકામ દરમિયાન વહીવટીતંત્રને પગથિયાં જેવું માળખું મળ્યું હતું. વહીવટીતંત્રને આ સ્ટ્રક્ચરમાં ૫ થી ૫ નાના રૂમો મળ્યા છે. વહીવટીતંત્ર હવે પગથિયાંનું ખોદકામ કરી રહ્યું છે, જેથી એ જાણી શકાય કે આ પગથિયાં જેવું માળખું કેટલું જૂનું છે અને કેટલા સમયથી છે. ચંદૌસીમાં મળેલા વાવ અંગે સ્થાનિક લોકોનો દાવો છે કે તે ૧૮૫૭નો વાવ છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે હિંદુઓના હિજરત બાદ તે જગ્યા માફિયાઓએ કબજે કરી લીધી હતી. લોકો માંગ કરી રહ્યા છે કે આ પગથિયાંને પુનઃજીવિત કરવામાં આવે અને અહીં મોટી સંખ્યામાં થયેલા અતિક્રમણ સામે કાર્યવાહી કરવામાં આવે.

ચંદૌસીમાં પગથિયાં મળી આવ્યા બાદ સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તેમણે ખોદકામ દરમિયાન મળી આવેલા સ્ટેપવેલની મિલકત લઈ લીધી છે. રિપબ્લિક ભારત સાથે વાત કરતી વખતે, જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયા કહે છે કે 'આ વાવ લગભગ ૧૫૦ વર્ષ જૂનો છે. આ ૪૦૦ ચોરસ મીટરનો સ્ટેપવેલ છે, જેમાંથી હાલમાં માત્ર ૨૨૦ ચોરસ મીટર જ ખુલ્લો છે, બાકીની જગ્યા પર અતિક્રમણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં તેને અતિક્રમણ મુક્ત બનાવવામાં આવશે અને તે પહેલા નોટિસ આપવામાં આવશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# છ સતી સ્ત્રીમાં જેનું નામ છે એ ''મંદોદરી'' અસૂર હોવા છતાં સતી તરીકે પૂજાય છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સતયુગમાં પતિવ્રતા સ્ત્રી માટે એક વાક્યમાં કહેવાતું કે સ્વપનમાં પણ જે સ્ત્રી અન્ય પુરુષનો વિચાર ન કરે તે પતિવ્રતા. ત્રેતાયુગમાં પતિની ઈચ્છા એ જ પરમ ધર્મ, એને કહેવું ન પડતું, કે આમ કરો! એને આ ગમશે! નહીં ગમે! એ પોતે જ સમજી જતી. દ્વાપરમાં પતિની આજ્ઞા અનુસાર જીવે એ પતિવ્રતા, આજથી એ તમારી દાસી, આજથી તુ મારી પ્રિયા નથી,કે કોઈ અન્ય છે! અને એ બિચારી....દ્રૌપદી ચિરહરણની ઘટનાથી સૌ કોઈ પરિચિત છે, એટલે કે દેવી ધીરે ધીરે સાધન બનતી ગઈ. પરંતુ કળિયુગમાં જો પતિવ્રતાની કોઈ વ્યાખ્યા આપવાનું કહે તો, ચોવીસ કલાક જે પતિના આર્થિક, શારીરિક, માનસિક, અને સામાજિક હિતનું વિચારીને જીવે તે પતિવ્રતા. રામાયણ કાળમાં પણ આપણને એક સ્ત્રી એવી દેખાય છે, જેણે પોતાના પતિનું હિત વિચાર્યુ હતું, અને વારંવાર તેને વિનંતી કરી હતી, તો આજે ચિંતનમાં એના વિશે વાત કરીશું.

મંદોદરી વિશે રામાયણમાંથી એટલો મોટો કોઈ સંદર્ભ મળતો નથી, પરંતુ તે રાવણની પાંચ રાણી ઓમા સૌથી સુંદર રાણી હતી, અને લંકાની પટરાણી હતી. ઈન્દ્રજીત અને અક્ષય જેવા ધુરંધર યોદ્ધાની માતા હતી. રાવણ જ્યારે સીતાનું અપહરણ કરી અને લંકામાં લાવે છે, ત્યારે જ મંદોદરી એ કહ્યું હતું કે નાથ તમે એને એના પતિને સોંપી દો! નહીં તો એ તમારા મૃત્યુનું કારણ બનશે! રાવણે કહ્યું હતું કે તમારું પટરાણીનું પદ જોખમાય છે, એવું વિચારીને તમે આ વાત કરી રહ્યા છો! તમને મારી શક્તિ પર સંદેહ છે? ત્યારે મંદોદરી એ ના પાડી હતી, અને કહ્યું હતું કે જો એ સ્વેચ્છાએ તમારી સાથે લગ્ન સ્વીકારે, તો મને પટરાણી પદ છોડવામાં કોઈ જ વાંધો નથી. હું તો માત્ર તમારા હિતનું વિચારીને તમને રોકી રહી છું. માત્ર તમારું નહીં, પરંતુ રાક્ષસ કુળનો નાશ થવાનો છે, એવા ભવિષ્યના ભણકારા મને સંભળાય છે. ભાઈઓ ભાઈઓમાં વેર થશે, આપણા સંતાનો હણાઈ જશે, અને કેટકેટલી બરબાદીનું કારણ છે આ સ્ત્રી! માત્ર એક સ્ત્રીનો મોહ તમને બહુ ભારે પડશે, તમે અત્યંત શક્તિશાળી છો, અને પૃથ્વીને જીતી શકો એટલી શક્તિ ધરાવો છો! મને તમારી શક્તિ પર કોઈ શંકા નથી, પરંતુ અનીતિ કરીને જે કંઈ મેળવવામાં આવે, તે અંતે ફળદાયી સાબિત થતું નથી, કે તેનાથી સુખ પ્રાપ્ત થતું નથી. આ સ્ત્રી જો પોતે ઈચ્છે કે એ તમારી પત્ની બનવા રાજી છે, તો એ અનીતિ નથી. પરંતુ એની ઈચ્છા વિરુદ્ધ થતું કાર્ય અનીતિ છે અને એ ક્યારેય સુખ આપી શકે નહીં, અને વિનાશનું કારણ બનશે, આ વાત હું તમને જણાવવાં માંગુ છું. હે નાથ કૃપા કરીને તમે સીતાને એના પતિને પાછી સોંપી દો! બસ આવો એક નાનકડો સંવાદ રામાયણમાં રાવણ અને મંદોદરી વિશે છે, અને એના પરથી સ્પષ્ટ થાય છે કે મંદોદરી પોતાના પતિનું હિત ઈચ્છતી હતી. એના પરથી બીજું એક સત્ય એ પણ સાબિત થાય છે, કે રાવણ પતિ તરીકે સારો રહ્યો હશે, અને પતિ-પત્ની વચ્ચે આવા સંવાદની ભૂમિકા પણ એ સમયે રહી હશે, તો જ મંદોદરી તેને સમજાવવાની કોશિશ કરી શકે! પરંતુ દસ મસ્તકનું અભિમાન ધરાવતો રાવણ મંદોદરીની સીધી સાદી વાત એટલે કે નીતિ અનીતિની વાત સમજી શક્યો નહીં, અને તેણે સીતા માટે યુદ્ધને સ્વીકાર્યુ,અને અંતે પ્રભુ શ્રી રામના હાથે મરાયો. મંદોદરીને જ્યારે ખાતરી થઇ ગઈ કે રાવણ માનશે નહીં, અને યોદ્ધ થઈને જ રહેશે, ત્યારે તે અશોક વાટિકામાં સીતાને મળવા જાય છે, અને તેને કહે છે કે તે એનાં પતિની વાત માની જાય! આ ઉપરાંત સીતાને કોઈ પણ મદદની જરૂર હોય તો પણ જણાવવા કહ્યું. એણે પતિવ્રતાનું વ્રત કરીને પોતાના પતિનું આયુષ્ય વધારવાની કોશિશ પણ કરી હતી, એ સમયે કોઈ ચોક્કસ વડને પૂજવાથી અને વ્રત રાખવાથી પતિનું આયુષ્ય વધે છે, એવી માન્યતા પ્રચલિત હતી. મંદોદરી એ એ વ્રત પણ કર્યું, પરંતુ હનુમાન ત્યાં આગળ વાનર બનીને પહોંચ્યા,અને મંદોદરીએ રાવણ માટે એકઠા કરેલાં આયુધનને ચોરી ગયાં એવી પણ એક દંતકથા મળે છે.

પુરાણોમાં મંદોદરીનાં જન્મ વિશેની એક કથા મળે છે,કે મંદોદરી પૂર્વેના જન્મમાં મધુરા નામની એક અપ્સરા હતી, અને તે ભગવાન શંકરથી બહુ જ પ્રભાવિત હતી. તેને પ્રસન્ન કરવા તે તપ કરતી હતી,અને એક વાર તે કૈલાસ પર પહોંચી ગઈ. ત્યાં આગળ માતા પાર્વતીની ગેરહાજરી જોતાં, તેણે ભગવાનની કઠિન તપશ્ચર્યા કરી, અને ભગવાન શંકરને રીઝવવાનો પ્રયત્ન કર્યો. થોડીવારમાં પાર્વતીજી આવ્યાં અને તેણે એ અપ્સરાનાં શરીર પર ભસ્મને જોઈ મધુરાને શ્રાપ આપ્યો કે તે બાર વર્ષ સુધી દેડકી બની જશે. ભગવાન શંકરે પાર્વતીજીને શાંત કરતા કહ્યું કે દેવી તમે સમજો છો, એવું કંઈ થયું નથી એ માત્ર તપના આવિર્ભાવમાં હતી. દેવી પાર્વતીએ કહ્યું કે હવે શ્રાપ તો મિથ્યા નહીં થાય, પરંતુ ૧૨ વર્ષ પછી તે પોતાનું મૂળ શરીર પ્રાપ્ત કરી શકશે. અસુર રાજ મય અને તેની પત્ની હેમાને બે પુત્રો હતાં, પરંતુ તેમને પુત્રીની ઝંખના હતી, અને આથી તેમણે ભગવાન શંકરની તપસ્યા કરીને પુત્રી મેળવવાનું વિચાર્યું. તેઓ કૈલાસમાં આવ્યાં, અને દંપતીએ બહુ કઠિન તપશ્ચર્યા કરી. પરંતુ ભગવાન પ્રસન્ન થાય એ પહેલાં જ ત્યાંના કૂવામાંથી દેડકીનાં રડવાનો અવાજ આવ્યો, અને તે તેને બહાર કાઢી. દેડકીએ પોતાની વિતક કથા કહી સંભળાવી. હેમાને તેની પર મમતા આવી, અને તે બંન્ને તેને રાજ મહેલમાં લઈ આવ્યા સમયાંતરે દેડકીએ ફરી પાછી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. અસૂર રાજના રાજ્યમાં એકવાર રાવણ આવી ચડ્યો, અને તેણે અત્યંત સુંદર એવી મંદોદરીને જોઈ, રાવણ તેના રૂપથી પ્રભાવિત થયો, અને તેણે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો. પરંતુ અભિમાની એવા અસૂરરાજે તેમના પ્રસ્તાવને નકાર્યો. મંદોદરી જાણતી હતી કે રાવણ પોતાના પિતા કરતાં વધુ શક્તિશાળી છે, અને પોતાને આશરો આપનાર માતા પિતાના મૃત્યુનું કારણ પોતે બનવા માંગતી નહોતી, આથી તેણે રાવણ સાથે લગ્ન સ્વીકારી લીધા, આમ મંદોદરી રાવણની પટરાણી બની.

રામાયણ કાળના સ્ત્રીપાત્રોના પરિચય પરથી બીજી એક વાત દેખાય છે કે દેવતાની પત્ની હોય, ઋષિની પત્ની હોય, રાજાની પત્ની હોય, કે રાક્ષસની પત્ની હોય, તેઓ પોતાના ચરિત્રને બરકરાર રાખી શકી. એટલે કે પતિ સિવાય કોઈ માટે તેમણે વિચાર્યું નહીં, તેમની ઈચ્છા, આજ્ઞા, કે હીત મુજબ તેઓ જીવી ગયાં.કોઈ કાગળમાં શૂન્ય દોરતા હોઈએ તો જે બિંદુ પરથી શરૂ કરીએ, એ જ બિંદુ પર પાછા આવીએ, ત્યારે વર્તુળની રચના થાય. સમય પણ ચક્રાકારે ગતિ કરી રહ્યો છે, અને એ રીતે વર્તુળને પૂરું કરવું હોય, તો એ જ બિંદુ પર પાછા જવું પડે! એ જ ચરિત્રોને આત્મસાત કરવા પડે! અને એ મુજબ જીવવું પડે! તો જ વર્તુળ પૂરું થાય. આપણે સૌ ઈચ્છીએ છીએ કે કળીનો આ કાળ હવે સમાપ્ત થાય, અને સતયુગની શરૂઆત થાય! પણ પ્રયત્નતો આપણે જ કરવો પડશે, તો જ આ પ્રક્રિયા આગળ ચાલશે, અને ક્યારેક અંજામ પર પહોંચશે. આપણે સૌ એવો પ્રયત્ન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# લોકો રીલ્સ જુએ છે, નાટક નહીં : દર્શિલ સફારી

## ''આખરી લોકલ'' નાટકના સ્ટારકાસ્ટ અને પ્રોડ્યુસર રાજકોટ મિરરના મહેમાનઃ થિયેટરના ભવિષ્ય અંગે કરી મુક્ત મને ચર્ચા

### રંગમંચ હાલ મૃતપાય અવસ્થામાં શારૂ કન્ટેન્ટ જ એકમાત્ર ઉપાય






રાજકોટ મિરર, તા.૧૮

થિયેટર એ સમગ્ર વિશ્વમાં કલા, સંસ્કૃતિ અને પરંપરાને પ્રદર્શિત કરવાની સૌથી અગ્રણી રીતો પૈકીની એક છે. થિયેટરમાં વિવિધ નાટકોનું મંચન કરવાથી સામાજિક દુષણો અને સમસ્યાઓ વિશે જાગૃતિ લાવવામાં સતત મદદ મળે છે. આઝાદી પછી મુંબઇની ગુજરાતી વ્યાવસાયિક રંગભૂમિની સમાંતરે ગુજરાતમાં સબળ રીતે કોઇ રંગભૂમિ પાંગરી હોય તો તે પ્રાયોગિક રંગભૂમિ છે. નાટકમાં ઉચ્ચકક્ષાનું સાહિત્યમૂલ્ય નાટકને વધારે રોચક બનાવે છે. ગુજરાતની રંગભૂમિ ક્ષેત્રે સાથે સંકળાયેલો વર્ગ ઓછો છે. મુંબઇની રંગભૂમિ ખૂબ જ ઉચ્ચકક્ષાના સાહિત્યિક મૂલ્યો ધરાવતા જે નાટકો ભજવી શકી નથી તે નાટકો ગુજરાતી રંગભૂમિએ ઉત્તમ રીતે સફળ કરી બતાવ્યા છે જે આપણા માટે સારી વાત છે. નાટક એ સામુહિક શિક્ષણનું એક મજબૂત માધ્યમ છે. આપણા શિક્ષણજગતમાં આપણે નાટકને શિક્ષણેતર પ્રવૃત્તિમાં ગણીએ છીએ પણ વિજ્ઞાનના પ્રયોગોથી માંડીને સામાજિક સમસ્યાઓના સરળ આત્મસંધાન માટે નાટક ઉપયોગી માધ્યમ છે. જો કે ગુજરાતમાં વ્યવસાયી રંગભૂમિ મોટાં શહેરોમાં શનિ-રવિના શો પૂરતી મર્યાદિત બની ગઇ છે અને શાળા કોલેજોમાં નાટય સ્પર્ધા સિવાય નાટકનો ઉપયોગ લગભગ નહિવત્ છે. ગુજરાતમાં નાટયકળા જીવંત છે. યુવાનોમાં જળવાઇ છે. તેમાં પણ આ નાટયસ્પર્ધાઓ અને તે માટે વિદ્યાર્થીઓને તાલીમ આપનારા અધ્યાપક, શિક્ષકનો ફાળો વધારે મહત્ત્વનો છે.

હિન્દી નાટક આખરી લોકલના પ્રોડ્યુસર તથા સુપરસ્ટાર એવા દર્શિલ સફારીએ રાજકોટ મિરરની મુલાકાત લીધી હતી જ્યાં તેઓએ તેમના જીવન યાત્રા અંગેના અનેકવિધ રસપ્રદ કઈ તેવા કિસ્સાઓ રાજકોટ મિરરના દર્શકોને વર્ણવ્યા હતા. એટલું જ નહીં તેઓએ કહ્યું કે આજના સમયમાં જે રીતે થિયેટરનું મહત્વ ઘટી રહ્યું છે તેનાથી દરેક લોકોએ સાવધ થવું ખૂબ જરૂરી છે. ભવિષ્યમાં જે પણ આર્ટિસ્ટ થિયેટરમાં કામ કર્યું હશે તેમને મોટા પડદા પર કામ કરવું સહેજ પણ કઠિન નહિ લાગે એટલું જ નહીં દર્શિલે વધુમાં જણાવ્યું કે આવનારા દિવસોમાં સરકારે પણ ખાસ થિયેટર એટલે કે રંગમંચ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અને સતત રંગમંચને પ્રોત્સાહન મળે તે પણ એટલું જ આવશ્યક છે. ભારતદેશના રેલવે પ્લેટફોર્મ એ વાર્તા અને લાગણીઓના ભંડાર છે. અનેક લોકોની સુખદ યાત્રાઓ તેમજ કેટલીક દુઃખદ યાતનાઓના સાક્ષી આ પ્લેટફોર્મ રહ્યા હોય છે. ટ્રેનના આવવા જવાના સમય સિવાય મહદ અંશે ખાલી રહેતા પ્લેટફોર્મ ઉપર બે અલગ જ ઉંમર અને વિચારોના વ્યક્તિ એક લોકલ ટ્રેનની પ્રતિક્ષા કરતા હોય છે અને એ સંજોગોમાં બંને વચ્ચે વાતચીતની શરૂઆત થાય છે જેમાં જીવનના તમામ ઈમોશન્સ આવે છે અને આ રીતે ભજવાય થાય છે હિન્દી નાટક આખરી લોકલ. રાજકોટમાં પ્રથમ જ વખત અલાઈટ ક્રાફટ સ્ટુડિયો પ્રસ્તુત કરવા જઈ રહ્યું છે એક જાણીતું હિન્દી નાટક આખરી લોકલ જેનું આયોજન કરી રહ્યા છે શહેરના જાણીતા અભિનેતા, ઉદઘોષક એવા ચેતસ ઓઝા. આ નાટકમાં મુખ્ય પાત્ર ભજવી રહ્યા છે. જ્યારે પ્રોડ્યુસર તરીકે એમ. જે સિને વિંગ્સના મંદીપસિંહ જાડેજા ( વાજડીગઢ), એલાઈટ ક્રાફટ સોલ્યુશનના નીરજ રાઠોડ અને નિસર્ગ તલાટીયાએ ભારે જહેમત ઉઠાવી છે. ફિલ્મના અભિનેતા દર્શિલ સફારી કે જેમણે આમિર ખાન, જેવા અનેક જાણીતા દિગ્ગજો સાથે પણ કામ કર્યું છે. આ નાટકમાં એમની સાથે અભિનેતા આર્યન દેશપાંડે. મુંબઈમાં કાર્યરત આ બંને યુવા કલાકારો દ્વારા મંચન થનાર આ નાટક રાજકોટમાં રહેતા નાટ્યપ્રેમીઓ તેમજ હિન્દી ભાષાના ભાવકો માટે એક અનોખો લ્હાવો રહેશે, કારણકે કોમેડીથી લઈને ટ્રેજેડી સુધીના તમામ રસ પ્રેક્ષકોને અનુભવવા મળશે. આ નાટકનો શો આગામી ૨૨ ડિસેમ્બર,૨૦૨૪ ના રોજ રવિવાર ખાતે પ્રમુખસ્વામી ઓડીટોરિયમ,રૈયા રોડ,ખાતે યોજાનાર છે.

### ગુજરાતમાં આવવાનો આનંદ અનેરો

દર્શિલ સફારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આવવાનો આનંદ જ અનેરો છે અહીં પોતાના ઘરમાં આવ્યા હોય તેવું લાગે છે બીજી તરફ જે ભાવથી લોકો અહીં જમાડે છે તે પણ ખૂબ મહત્વનું છે. જ્યારે પણ ગુજરાતમાં નાટક ભજવવાનો મોકો મળે તો તે મોકા ને ગુમાવ્યા વગર કેમ આવું તે હર હંમેશ વિચાર આવે છે અને જ્યારે ખ્યાલ આવ્યો કે ફરી એક વખત ગુજરાત આવવાનું છે તો તે આનંદનો પાર ન હતો. વધુમાં તેઓ જણાવ્યું હતું કે ગુજરાત સાથેનો લગાવ કંઈક અનેરો છે.

### થિયેટર આર્ટિસ્ટ હર હંમેશ કંઈક નવતર કરવામાં માનતો હોય છે

થિયેટરની મહત્વતા અંગે સ્ટારકાસ્ટે જણાવ્યું હતું કે જે આર્ટિસ્ટ થિયેટરનો હોય તે હર હંમેશ કંઈક નવતર કરવામાં માનતો હોય છે કારણ કે તે સામે બેઠેલા પ્રેક્ષકો ને હાવ ભાવને પારખે છે અને તે દરેક મોમેન્ટને એન્જોય કરે તે પ્રકારે તેનો અભિનય ભજવે છે. ઉમા તેઓ જણાવ્યું હતું કે થિયેટર આર્ટિસ્ટ ઘણા ખરા કિસ્સામાં હેરાન પણ થતો હોય છે કારણ કે આમાં ફેમ મળવાના બદલે ખૂબ મહેનત કરવી પડે છે અને તે કરવામાં જો કોઈ આર્ટિસ્ટ ઊણા ઉતરે તો ઘણા પ્રશ્નો ઊભા થાય. હાલ મહત્વનું એ છે કે થિયેટર આર્ટિસ્ટ નું ભવિષ્ય ખૂબ ઊંચું છે પરંતુ એ અંગે ગંભીરતાથી જો વિચાર કરવામાં આવે તો આ કાર્ય ખૂબ સહજ અને સરળ બની રહેશે.

### રાજકોટના લોકો ખરા અર્થમાં નાટકનો આનંદ માણ્યો

નાટકના નિર્માતા એ પણ રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે જે નાટક રજૂ થઈ રહ્યું છે અને વિવિધ શહેરોમાં તેનો શો યોજાય છે તેથી તેનો લાભ મહદ અંશે લોકો લઈ રહ્યા છે તેનો આનંદ છે કારણકે આ એવું નાટક છે કે જે લોકોના માનસપટ પર છવાઈ જાય છે ત્યારે રાજકોટના લોકોએ પણ આ નાટકનો મન ભરીને આનંદ માણ્યો હતો.

# રાજકોટ, લોધિકા, કોટડાસાંગાણી તાલુકામાં ૩૨ કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત

## જન જનના સર્વાંગી વિકાસ સાથે તેમના રોજીંદા જીવનને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ





રાજકોટ તા. ૨૨

સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાના હસ્તે રાજકોટ ગ્રામ્ય ૭૧- વિધાનસભા વિસ્તારના રાજકોટ, લોધિકા અને કોટડાસાંગાણી તાલુકામાં તા. ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ અંદાજિત રૂ. ૩૨૪૭.૨૬ લાખના કુલ ૬૪ કી.મીના રસ્તાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ત્રંબા ખાતે ખાતમૂહુર્ત પ્રસંગે મંત્રી ભાનુબેને જણાવ્યું હતું કે, જન જનના સર્વાંગી વિકાસ સાથે તેમના રોજીંદા જીવનને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વિકાસકાર્યોનો અવિરત પ્રવાહ જેમ સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણે પહોંચ્યો છે, એ જ રીતે રાજકોટમાં વિકાસકાર્યોનો પ્રવાહ પણ દિનપ્રતિદિન વેગ પકડી રહ્યો છે. આંતરમાળખાકીય સુવિધાઓનું દ્રઢીકરણ એ વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે. ત્યારે આ વિકાસકાર્યોના નિર્માણથી સ્થાનિક વિસ્તારના નાગરિકોની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજરોજ રાજકોટ તાલુકાના ત્રંબા ખાતે અંદાજે રૂ. ૨૨૮.૩૩ લાખના ખર્ચે ત્રંબા થી વડાળી સુધીનો ૫.૭૦ કીમી. લંબાઈ ધરાવતો, રૂ.૧૭૫.૮૦ લાખના ખર્ચે નેશનલ હાઈવે થી અણીયારા પાડાસણ સુધીનો ૩ કી.મી.નો રોડ તથા સરધાર ખાતે અંદાજે રૂ. ૬૫૩.૧૩ લાખના ખર્ચે નેશનલ હાઈવે થી સરધાર-હરીપર-બાડપર- હોડથલી -દડવા સુધીના ૧૪ કિમીના રસ્તાના ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

લોધિકા તાલુકા ખાતે અંદાજે રૂ. પાંચ કરોડના ખર્ચે કાંગાશીયાળી ઢોલરા વીરવા ખાંભા માખાવડ રોડ, અંદાજે રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે સ્ટેટ હાઈવે થી પીપળિયા પાળ થી શાપર સુધીના રોડ, અંદાજે રૂ. ૯૦ લાખના ખર્ચે સ્ટેટ હાઇવે થી ખીરસરા થી પ્રકૃતિ ફાર્મને જોડતો અંદાજે ૨/૦૦ કી.મી.લંબાઈ અને ૩.૭૫ મીટર પહોળાઈનો રસ્તો, રૂ. ૩. ૪૦૦ લાખના ખર્ચે સ્ટેટ હાઈવે થી દેવગામ અભેપર સુધી ૮ કી.મી. લંબાઈ, ૩.૭૫ મીટર પહોળાઈનો રોડ અને આશરે ૩.૨૫૦ લાખ નેશનલ હાઈવે થી વાગુદડ સુધી ૫ કી.મી. લંબાઈ ૩.૭૫ મીટર પહોળાઇ ધરાવતો રોડ અને કોટડા સાંગાણી તાલુકામાં અંદાજે રૂ. ૭.૪૨ કરોડના ખર્ચે નવીમેંગણી-થોરડી-ચાપાબેડા-કાલંભડી-નૌઘણચોરા- અનીડા(વાછરા) સુધીના રોડનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, અગ્રણી મનહરભાઈ બાબરીયા, ત્રંબાના માજી સરપંચ મૂળજીભાઈ ખૂંટ, મામલતદાર કે.એચ.મકવાણા, તાલુકા પંચાયત સદસ્ય ચેતનભાઇ પાણ, સરધારના સરપંચ પીન્ટુભાઇ ઢાંકેચા, લોધિકા તથા કોટડાસાંગાણીના આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે જાન્યુઆરીમાં પ્રતિષ્ઠા દ્વાદશી' કાર્યક્રમ

## શુક્લ યજુર્વેદ મધ્યિની શાખાના ૪૦ અધ્યાયના ૧૯૭૫ મંત્રો અગ્નિ દેવને અર્પણ કરવામાં આવશે, ૧૧ વૈદિક મંત્રોનો જાપ કરશે



નવીદિલ્હી, તા. ૨૨

શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા મંદિરમાં રામલલાના પ્રથમ વર્ષગાંઠ ભારતીય કેલેન્ડર અનુસાર ઉજવવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે જણાવ્યું કે પ્રાણ પ્રતિષ્ઠા પોષ શુક્લ દ્વાદશી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫ માં, જાન્યુઆરી મહિનામાં પોષ શુક્લ દ્વાદશી ૧૧ જાન્યુઆરીએ છે. તેને 'પ્રતિષ્ઠા દ્વાદશી' નામ આપવામાં આવ્યું છે. આ પ્રસંગે ત્રણ દિવસીય કાર્યક્રમ (૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરી)નું આયોજન કરવામાં આવશે. વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પાંચ સ્થળોને કાર્યક્રમનું સ્થળ બનાવવામાં આવ્યું છે.

શુક્લ યજુર્વેદ મધ્યિની શાખાના ૪૦ અધ્યાયના ૧૯૭૫ મંત્રો અગ્નિ દેવને અર્પણ કરવામાં આવશે. ૧૧ વૈદિક મંત્રોનો જાપ કરશે. ગૃહનું આ કાર્ય સવારે ૮ થી ૧૧ અને બપોરે ૨ થી ૫ દરમિયાન થશે. શ્રી રામ મંત્રના જાપનો યજ્ઞ પણ આ જ સમયગાળા દરમિયાન બે સત્રોમાં યોજાશે. ૭ લાખ મંત્રોના જાપ થશે. આ ઉપરાંત રામ રક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા, પુરુષ સૂક્ત, શ્રી સૂક્ત, આદિત્ય હૃદય સ્તોત્ર અને અથર્વશીર્ષના પાઠ પણ થશે. શુક્લ યજુર્વેદ મધ્યાન્દિની શાખાના ૪૦ અધ્યાયના ૧૯૭૫ મંત્રો સાથે અગ્નિ દેવને બલિ ચઢાવવામાં આવશે. સવારે ૮ થી ૧૧ અને બપોરે ૨ થી ૫ દરમિયાન ૧૧ વૈદિક મંત્રોનો જાપ કરવામાં આવશે આ દરમિયાન ૭ લાખ મંત્રોના જાપ થશે, આ ઉપરાંત રામરક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા, પુરુષ સૂક્ત, આદિત્ય હૃદય સ્તોત્ર, અથર્વશીર્ષ વગેરેના પાઠ પણ થશે.

ચંપત રાયના જણાવ્યા અનુસાર લોકોની સુવિધા માટે પેસેન્જર કન્વીનિયન્સ સેન્ટર બનાવવામાં આવશે. અહીંથી ભક્તો મંદિર અને કાર્યક્રમ સંબંધિત તમામ માહિતી મેળવી શકશે. મંદિરમાં હનુમાન ચાલીસા, રામ રક્ષા સૂત્ર, આદિત્ય હૃદય સ્તોત્ર, વિષ્ણુ સહસ્રનામના પાઠ થશે. આ અનુષ્ઠાન ૨૧ બ્રાહ્મણો દ્વારા ત્રણ દિવસ સુધી કરવામાં આવશે. મંદિરમાં બપોરે ૩ થી ૫ દરમિયાન ત્રણ દિવસ ભગવાનને રાગ સેવા અર્પણ કરવામાં આવશે. જેમાં દેશના જાણીતા ગાયક કલાકારો ભાગ લેશે. ત્યારબાદ અભિનંદન ગીત પણ હશે.

### ભક્તો માટે શું વ્યવસ્થા

- ભક્તો માટે ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવશે.
- પીવાના પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવશે.
- ત્રણ દિવસ અને રાત સુધી સંગીત સાથે માનસનું પઠન થશે.
- રામના જીવન પર પ્રવચન પણ થશે.
- અંગદ ટીલા ખાતે વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.
- ઉપરાંત ભક્તો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવશે

# સુશાસનિક વ્યવસ્થાનું શ્રેષ્ઠતમ ઉદાહરણઃ આઈ-ખેડૂત પોર્ટલ

## યોજના હેઠળ ૬૦.૩૩ લાખથી વધુ ગુજરાતના ખેડૂતોને રૂા. ૩૯૪૮ કરોડથી વધુની સહાય

રાજકોટ, તા. ૨૨

ભારતરત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મદિન નિમિત્તે દર વર્ષે તા. ૨૫ ડિસેમ્બરના રોજ ''સુશાસન દિવસ'' ઉજવવામાં આવે છે.

ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસ યાત્રાને વેગવંતી બનાવવા રાજ્યમાં સુશાસનિક માળખાનો મજબૂત પાયો નાખ્યો હતો. આજે એ જ કાર્યપ્રણાલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે.

ગ્રામીણ વિસ્તારના નાગરિકોને લઘુત્તમ પ્રયત્નોથી સરકારની સેવા અને યોજનાકીય લાભો મહત્તમ રીતે મળી રહે એ જ સુશાસન છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલી આઈ-ખેડૂત પોર્ટલની સુદ્રઢ સુશાસનિક વ્યવસ્થા એ સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગથી ખેડૂતોને સંપૂર્ણ પારદર્શિતા, સરળતા અને ઝડપથી વિવિધ કૃષિલક્ષી યોજનાના લાભ મળી રહે તે માટે રાજ્ય સરકારે આઈ-ખેડૂત પોર્ટલનો નવતર અભિગમ અપનાવ્યો હતો.

આજે ગુજરાત સરકારની કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન સંબંધિત તમામ યોજનાઓનો અમલ અને સહાય ચૂકવણું આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી થઈ રહ્યો છે.

પરિણામે ખેડૂતોને અનેક કૃષિલક્ષી યોજનાઓના લાભ ઘરે બેઠા, આંગળીના ટેરવે જ મળી રહ્યા છે. પોર્ટલ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યના ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતો દ્વારા વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર કુલ ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરવામાં આવી છે.

આટલું જ નહીં, આ ૬૦.૩૩ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે, એ પણ સીધી તેમના બેંક ખાતામાં. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ આશરે ૨.૧૫ લાખ ખેડૂતોને વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૬૪૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આટલી માતબર સંખ્યામાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજીઓ જ આઈ-ખેડૂત પોર્ટલની સ્વીકૃતિ પૂરવાર કરે છે.

અટલ બિહારી વાજપેયીએ આપેલી સુશાસનની પ્રેરણાથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ''Less Government, More Governance''ને મૂળ કાર્યમંત્ર બનાવી, ગુજરાતને દેશમાં વિકાસનું રોલ મોડલ બનાવ્યું છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકારે સુશાસનને તેની કાર્યસંસ્કૃતિમાં ઉતાર્યું છે અને નાનામાં નાના માનવીને કોઇ તકલીફ ના પડે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ જેવી અનેક સુશાસનિક વ્યવસ્થાઓનું નિર્માણ કર્યું છે.

### આઇ-ખેડૂત પોર્ટલ પર ખેડૂતોને મળતી વિવિધ માહિતી

- ખેતીવાડી માટે જરૂરી બિયારણ, ખાતર તથા દવાઓનું વેચાણ કરતા સરકાર માન્ય વિક્રેતાઓની માહિતી મળે છે.
- ખેત ઓજારો, ખેતી વિષયક ઇનપુટોની માન્ય કંપનીઓ, વિક્રેતાઓની માહિતી મળે છે.
- ખેત ઓજારો તેમજ કૃષિ ઇનપુટોની સરકાર દ્વારા નક્કી થયેલી કિંમત સંબંધિત માહિતી મળે છે.
- કૃષિ ધિરાણ આપનાર સંસ્થાઓની માહિતી મળે છે.
- કૃષિ-બાગાયતી પાકોની તાંત્રિક માહિતી મળે છે.
- પાકોનાં પ્રવર્તમાન બજારભાવ તથા હવામાન અંગેની માહિતી મળે છે.
- ખેતીમાં મૂંઝવતા પ્રશ્નોનું સચોટ નિરાકરણ મળે છે.

### આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતોને થતા લાભ

- ખેડૂત પારદર્શક રીતે પોતાની મરજી મુજબ સરકારી યોજનાઓનો સીધો લાભ મેળવી શકે છે.
- ઓનલાઇન અરજી થતી હોવાથી ખેડૂત કોઈપણ અન્ય માધ્યમો ઉપર આધારીત રહેતો નથી.
- કોઈપણ સ્થળેથી ઇન્ટરનેટના માધ્યમથી સેવા મળતી હોવાથી સમય અને નાણાનો બચાવ થાય છે.
- ખેડૂત પોતાની અરજીનું ઓનલાઈન સ્ટેટસ જાણી શકે છે.
- સહાય હેઠળ આપવામાં આવતાં વિવિધ ઘટકોનાં માપદંડો નિયત કરેલા હોવાથી છેતરપીંડીનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

# ટ્રાફિક ડ્રાઈવમાં ૨૩૩ વાહનો ડીટેઈન

## ૨૦૬ ટુ વહીલર્સ, ૨ કાર, ૨ ટ્રેકટર્સ, અને ૨૩ રીક્ષા કરાઈ કબજે




રાજકોટ મિરર, તા.૨૨

શહેરમાં ટ્રાફિક નિયમનના પાલન માટે પોલીસ દ્વારા સમયાંતરે ઘણી વખત લોકજાગૃતિના કાર્યક્રમો રાખવામાં આવે છે. જરૂરી માહિતી અને નિયમોના પાલન માત્રે પત્રિકા વિતરણ કરવામાં આવે છે છતાં બેદરકાર વાહનચાલકો આ વાત ગંભીરતાથી નથી લેતા તે પણ વાસ્તવિકતા છે.

એટલે જ પોલીસ અવારનવાર ટ્રાફિક ડ્રાઈવ યોજવી પડે છે અને બેદરકાર વાહનચાલકોની આંખો ખોલવા પ્રયાસ થાય છે.

આવી જ વાત મુજબ રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાની સૂચનાથી, એડિશનલ સીપી મહેન્દ્ર બગડિયાના માર્ગદર્શન નીચે ડીસીપી પુજા યાદવ, ઈન્ચાર્જ ઝોન- ૧અને ઝોન ૨ જગદીશ બાંગરવાની માર્ગદર્શન હેઠળ શનિવારે ખાસ કરીને નંબર પ્લેટ વગરની મોટર સાયકલ, રીક્ષા, તથા ફોર વહીલર્સ વિરુદ્ધ ટ્રાફિક ડ્રાઈવ રાખવામાં આવી હતી. અને ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ૯૧ મોટરસાયકલસ, ૨ ટ્રેક્ટર, ૨૨ રીક્ષા મળી ૧૧૫ વાહનો ડિટેન કર્યા હતા.

ઝોન ૧ વિસ્તારના પોલીસ અધિકારી ઓ દ્વારા ૫૬ મોટરસાયકલ્સ, ૨ કાર તથા ૧ રીક્ષા મળી કુલ ૫૯ વાહનો ડિટેન કર્યા. ઝોન ૨ વિસ્તારના અધિકારી ઓ દ્વારા ૫૯ મોટર સાયકલ્સ ડિટેઈન કરવામાં આવ્યા હતા.આમ કુલ, ૨૦૬ ટુ વહીલર્સ, ૨ કાર, ૨ ટ્રેક્ટર્સ, અને ૨૩ રીક્ષા મળી ૨૩૩ વાહનો ડિટેન કર્યા.આ કામગીરી માં ટ્રાફિક, ઝોન ૧ ને ઝોન ૨ ના તમામ પોલીસ અધિકારી ઓએ ભાગ લીધો હતો..

# દારૂના બે દરોડામાં રૂપિયા ૧. ૬૪ લાખના મુદ્દામાલ સાથે બે પકડાયા

## થોરાળા-તાલુકા પોલીસે કાર-૨૫ ચપલા કબજે કર્યા

રાજકોટ મિરર તા. ૨૨

રાજકોટ તાલુકા તેમજ થોરાળા પોલીસે શહેરમાં બે સ્થળે દરોડા પાડી દારૂના ૨૫ ચપલા સાથે ૧.૬૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એલ.સી.બી પોલીસ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ દિગ્વિજયસિંહ જાડેજા તથા રવિરાજ પટગીર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન શ્રીહરી મેઇન રોડ, ઇન્ડિયન ઓઇલના પેટ્રોલ પંપ પાસે પહોંચતા બાતમી મળી હતી કે જીજે ૦૧ આરએક્સ ૯૯૭૫ નંબરની કાર કોઠારીયા હુડકો ચોકડી તરફથી આજીડેમ ચોકડી તરફ આવે છે. પોલીસે આ બાતમી મળતા સાથે જ કોઠારીયા ચોકડી પાસે આ કારને રોકી પુછ્પરછ કરતા ચાલકે પોતાનું નામ હિતેશ ગોબરભાઇ ચાવડા (રહે. રાધાકૃષ્ણ શેરી નંબર, ૧૩ જંગલેશ્વર મેઇન રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાર તપાસતા તેમાંથી વિદેશી દારૂના ૨૪ ચપલા મળ્યા હતા. પોલીસે દારૂના ચપલા સાથે રૂ.૧,૬૪,૬૦૩ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં રાજકોટ તાલુકા પોલીસના કોન્સ. જયદીપભાઇ વિનોદભાઈ દેવમુરારી વાવડી પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે વાવડી, પુનિત નગર મેઇન રોડ પાસે પહોંચતા એક શખ્શ પ્લાસ્ટિકની થેલી સાથે શંકાસ્પદ હાલતમાં જોવા મળતા પોલીસે પૂછપરછ કરતા સાથે પોતે પ્રકાશ ઉર્ફે પકો ભરતભાઈ બરબચિયા (રહે.વૃંદાનગર, શેરી નંબર ૫,પુનિત નગર મેઇન રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે થેલી તપાસતા રૂ.૨૦૦નું એક દારૂનું ચાપલુ મળી આવતા તેમની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અપહરણ-પોસ્કોનો આરોપી સાગર મુંધવા ઉર્ફે ચોટી ઝડપાયો

## સોરઠીયાવાડી સર્કલ નજીકથી પકડાયો : પોલીસની આંખમાં ધુળ નહીં મરચું છાટીને હોસ્પીટલમાંથી ભાગ્યો'તો

રાજકોટ મિરર, તા.૨૨

શહેરની સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે જૂનાગઢથી લવાયેલ પોસ્કો-અપહરણ જેવા ગંભીર ગુન્હાનો કેદી પોલીસની આંખમાં મરચું છાંટીને ભાગી ગયા બાદ લાંબા સમયથી નાસતો ફરતો હતો. તે કેદી સાગર ઉર્ફે ચોટીને સોરઠીયાવાડી સર્કલ પાસેથી ક્રાઈમ બ્રાંચ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જૂનાગઢ જેલમાં અપહરણ, પોક્સો અને એટ્રોસીટીના ગુનામાં કાચા કામના કેદી સાગર ઉર્ફે ચોટીને પોલીસના જાપ્તા સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. ત્યારે સાગર ઉર્ફે ચોટી પોલીસની આંખમાં મરચું છાંટી પોલીસ જાપ્તામાંથી ફરાર થઇ ગયો હતો.



ચોટી સોરઠીયાવાડી સર્કલ પાસે હોવાની ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ રાજેભાઇ, દિપકભાઇ અને કોન્સ વિશાલભાઇને બાતમી મળતા પીઆઇ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.ડી. ડોડીયા સહિતના સ્ટાફે કેદી સાગર ઉર્ફે ચોટી નવઘણભાઇ મુંધવા (ઉ.વ.૨૫) (રહે. લાયન્સનગર મોરબી)ને સોરઠીયાવાડી સર્કલ પાસેથી ઝડપી લીધો હતો.

**યુવાન પર હુમલો**

રૂખડીયાપરા રાજીવનનગર ખાડા પાસે રહેતો મહંમદ કૈફ અબ્દુલ રજાકભાઇ શેખ (ઉ.૨૦) પોતાના ઘર પાસે હતો. ત્યારે અગાઉ ભાઇને મારમાર્યા બાદ પિતાએ ઠપકો આપ્યો હોવાનો ખાર રાખી ડોન ઉર્ફે ડોનીયો રમેશ રાજપૂત, આકાશ રમેશ, અફઝલ અલ્લારખા ફકીર અને સુજાદ ડાડા સીદીબાદશાહએ અબ્દુલને રોકી પથ્થર તથા કુહાડીના હાથા વડે માર મારી નાસી છૂટ્યા હતા. બનાવની ફરિયાદથી પ્રદ્યુમ્નનગર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ દ્વારા પે સેન્ટર શાળા નંબર ૯૩માં શ્રમદાન દિવસ ઉજવાયો




**દર વર્ષે ૨૦ ડિસેમ્બરે વિવિધ સંસ્થાઓમાં કરાય છે શ્રમદાન**

રાજકોટ મિરર, તા.૨૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પીએમ વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર ૯૩માં વર્ષ ૨૦૧૩થી દર વર્ષે ૨૦મી ડિસેમ્બરના રોજ ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ શ્રમદાન દિવસની ઉજવણી કરે છે. આ દિવસની ઉજવણી કરવામાં ફેવિકોલ ચેમ્પિયન્સ કલબના સભ્યો દ્વારા શાળામાં ફર્નિચર રીપેરીંગ આ ઉપરાંત ભૌતિક સુવિધાઓની પૂર્તતા માટે ઘટતી ફર્નિચરની વસ્તુઓ બનાવી આપવાનું કાર્ય કરી રહ્યા છે.

ફેવિકોલ ચેમ્પિયન્સ કલબના સભ્યો ૨૦ મી ડિસેમ્બરના રોજ શ્રમદાન દિવસ અંતર્ગત સવારથી લઈને સાંજ સુધી શાળામાં રહી શાળાના ફર્નિચર કામનું રીપેરીંગ તથા નવું કાર્ય કરી આપે છે. પીએમશ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર ૯૩ માં છેલ્લા ૧૨ વર્ષથી અવિરતપણે શ્રમદાન દિવસની ઉજવણી ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ દ્વારા કરવામાં આવે છે.

શાળાનાં આચાર્ય તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક ડો. વનિતાબેન રાઠોડ દ્વારા ફેવિકોલ ચેમ્પિયન્સ કલબના સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો. ફેવિકોલ ચેમ્પિયન્સ કલબના કમલેશભાઈ આચાર્ય, અશ્વિનભાઈ મેહતા, વિરલભાઈ મણિયાર, યજ્ઞેશભાઈભટ્ટ આ ઉપરાંત ફેવિકોલ ચેમ્પિયન્સ કલબના ૧૦ થી વધુ સભ્યોએ શાળા નંબર ૯૩માં કામગીરી કરી આપેલ છે. તે બદલ શાળા પરિવાર દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ દર વર્ષે ૨૦ ડિસેમ્બરે વિવિધ સંસ્થાઓમાં જઈ શ્રમદાન દ્વારા સમાજસેવાનું એક ઉમદા કાર્ય કરી રહ્યું છે.

# સિવિલમાં ડોકટરો, સ્ટાફ સહીત કોઈ સલામત નથી, છે તો સિક્યુરીટી ગાર્ડ !

# તારા બાપની હોસ્પિટલ નથી' કહી મહિલા સફાઈ કર્મચારી પર દર્દીના સગાનો મોબાઈલથી હુમલો

## સિક્યુરીટી ગાર્ડ કોણ જાણે શું કરે છે તે જ ખબર ન પડતી હોવાનો જાણકારોનો આક્ષેપ

રાજકોટ મિરર, તા.૨૨

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તબીબ, નર્સિંગ કર્મચારીઓ ઉપર દર્દીના પરિવારજનો દ્વારા હુમલાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. આવા બનાવો અટકાવવા માટે નિવૃત આર્મી મેનની સિક્યુરીટી ગાર્ડમાં ભરતી કરવામાં આવી છે. આમ છતાં હુમલાની ઘટના અટકવાનું નામ નથી લેતી ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે.

સિવિલના ટ્રોમા સેન્ટરમાં મહિલા સફાઈ કર્મચારી ઉપર દર્દીના સગાએ 'તારા બાપની હોસ્પિટલ નથી' તેમ કહી મોબાઈલ વડે હુમલો કર્યો હતો. દરમિયાન છોડાવવા જતાં મહિલા સિક્યુરીટી ગાર્ડને પણ માર




મારવામાં આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરામાં સુખસાગર સોસાયટી શેરી નં. ૩ માં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર સફાઈ કર્મચારી તરીકે નોકરી કરતા જોશનાબેન દિપકભાઈ સોલંકી (ઉ.વ.૩૩) શનિવારે સવારે સિવિલના ટ્રોમા સેન્ટરમાં ચોથા માળે સફાઈ કરતા હતા દરમિયાન દર્દીના સગાને દૂર જવાનું કહેતા તે મહિલાએ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી 'તારા બાપની હોસ્પિટલ નથી' તેમ કહી મોબાઈલ વડે હુમલો કરી માર માર્યો હતો.

જેથી વોર્ડમાં હાજર મહિલા સિક્યુરીટી ગાર્ડ છોડાવવા વચ્ચે પડતા દર્દીના સગાએ સિક્યુરીટી ગાર્ડને પણ માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત મહિલા સફાઈ કર્મી જોશનાબેનને ઈજા થતાં સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતાં. આ અંગે પ્રનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે એ નોંધનીય છે કે સિવિલ સુત્રોએ લાખોના ખર્ચે સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા કરી છે. પણ કયો ગાર્ડ કયા ફરજ બજાવે છે ? કોનું ધ્યાન રાખે છે ? બનાવ બને ત્યારે હાજર હોય છે કે નહિ ? તે કોઈ વાતની કોઈને ખબર પડતી નથી તેવા જાગૃતોમાં આક્ષેપો થઇ રહ્યા છે.

કારણ અહી તબીબી સ્ટાફ ઉપર હાલતા ચાલતા હુમલા ઉપરાંત હવે સફાઈ કર્મચારીઓ પણ સલામત નથી. દર્દીઓ કે તેના સગાઓ પણ સલામત નથી કારણ અહી હાલતા ચાલતા કોઈ દર્દીના ખિસ્સા કપાઈ જાય છે, મોબાઈલ અને વાહનો ચોરાઈ જાય છે ! તો સિક્યુરીટી ગાર્ડ શું કામના ? તેવા પ્રજામાં પ્રશ્નો ઉઠ્યા છે.

# કણકોટ નજીક બસ હડફેટે માતાની નજર સામે જ પુત્રનું મોત

**માતાને પગમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા : સારવાર હેઠળ**

રાજકોટ મીરર, તા. ૨૨

શહેરની ભાગોળે કણકોટ ગામ નજીક લાભુભાઈ ત્રિવેદી એન્જિનિયરિંગ કોલેજ સામે માટે માતેલા સાંઢની જેમ પૂરઝડપે જતી સીટી બસના ચાલકે બાળક અને માતાને હડફેટે લેતા માતાની નજર સામે જ સાત વર્ષના બાળક રાજવીરનું મૃત્યુ થયું હતું. બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલા હેતલબેન ભરતભાઈ ગોયલની ફરિયાદ પરથી રાજકોટ તાલુકા પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ કણકોટ ગામ ક્રિષ્ના નગર પાસે રહેતા હેતલબેન ભરતભાઈ ગોયલ ઉંમર વર્ષ ૩૩ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે અને આરોપી તરીકે



બસ નંબર જીજે ૦૩ બીઝેડ ૦૫૮૮ ના ચાલકનું નામ આપ્યું છે.

ફરિયાદમાં હેતલબેને જણાવ્યું છે કે આજે પોતે પોતાના સાત વર્ષના પુત્ર રાજવીરને લઈને ચાલીને જતા હતા ત્યારે કણકોટ પાસે લાભુભાઈ ત્રિવેદી એન્જિનિયરિંગ કોલેજના ગેટ સામેથી પસાર થયેલી જીજે ૦૩ બીઝેડ ૦૫૮૮ નંબરની બસના ચાલકે બન્નેને અડફેટે લેતા હેતલબેનને જમણા પગમાં ફેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી જ્યારે સાત વર્ષના પુત્ર રાજવીરનું બસનું વ્હીલ માથે ફરી વાળવાથી ઘટના સ્થળે મૃત્યુ થયું હતું.

બનાવની જાણ પરથી તાલુકા પોલીસ સ્ટેશન કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને રોડ પર એકત્રિત થયેલા માણસોના ટોળાને વિખેરીને ટ્રાફિક પૂર્વવત્ કર્યો હતો. દરમ્યાન બાળકને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યું હતું. રાજકોટ તાલુકા પોલીસે બસ ચાલક વુંરુદ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ હેતલબેનને એકનું એક સંતાન રાજવીર હતું તાના અકસ્માતમાં કરુણ મોતથી પરિવારમાં આક્રંદ છવાયું છે.



# ખોરાણા ગામમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો

## રૂપિયા ૨૦,૫૧૦ નો મુદ્દામાલ કબજે કરતી એસઓજી

રાજકોટ મિરરતા બાવીસ

રાજકોટ તાલુકાના ખોરાણા ગામે એક બોગસ ડોક્ટર ક્લિનિક ચલાવીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાની બાતમી પરથી એસોજી પોલીસે ત્રાટકીને ક્લિનિક ચલાવતા બોગસ ડોકટરની ધરપકડ કરીને રૂપિયા ૨૦,૫૦૦ નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા એસઓજીના જયદીપ ખુમાનસિંહ ચૌહાણ એ જણાવ્યું હતું કે તારીખ ૨૧ ના રોજ સાંજે તેઓ હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા તેમજ યુવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ ડાંગર વગેરે પેટ્રોલિંગમાં હતા.

ત્યારે ઉપેન્દ્રસિંહ ઝાલાને બાતમી મળી હતી કે રાજકોટ તાલુકાના ખોરાણા ગામમાં રામજી મંદિરની બાજુમાં આવેલ ધ્વનિ ક્લિનિક નામના દવાખાનામાં હિરેનભાઈ મહેશભાઈ કાનાબાર(રહે.રાજકોટ) નામનો શખ્શ કોઈપણ જાતની ડિગ્રી વગર લોકોને તપાસી, દવા આપી, બાટલા ચઢાવી, આરોગ્ય સાથે ચેડા કરે છે.

આવી બાતમી પરથી એસોજી પોલીસે રાજકોટ તાલુકાના સણોસરા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડોક્ટર રવિભાઈ શીવાભાઈ ગઢીયાને બોલાવી તપાસ કરતા હિરેન મહેશ કાનાબાર પાસે કોઈપણ જાતની ડીગ્રી ન હતી. આવા સમયે પોલીસે જુદી જુદી દવા, ઈન્જેક્શન, સાધનો મળી કુલ રૂપિયા ૨૦,૫૧૦ નો મુદ્દામાલ કબજે રી બોગસ તબીબ હિરેન મહેશ કાનાબારની ધરપકડ કરી તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અણીયારા ગામના યુવાનનું ઝેરી દવા પીવાથી મોત

## અકળ કારણોસર ભરેલા પગલાની તપાસ શરૂ

રાજકોટ મિરતા ૨૨

રાજકોટ તાલુકાના અણીયારા ગામના ૩૨ વર્ષના યુવાને ઝેરી દવા પી લેતા તેમનું મૃત્યુ થયું હતું. આજીડેમ પોલીસે યુવાનના પગલાનું કારણ શોધવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ તાલુકાના અણીયારા ગામે રહેતા અનિલભાઈ બાબુભાઈ મોરવાડિયા ઉ.વ. ૩૨ એ આજે વહેલી સવારે પોતાના ગામની સીમમાં હતા ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે પ્રથમ ગોંડલ હોસ્પિટલ બાદ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અહીંથી વધુ સારવાર માટે ગોંડલની એક ખાનગી હોસ્પિટલમાં લઈને જતા હતા ત્યારે રસ્તામાં બેભાન થતા સરકારી હોસ્પિટલે ફરી લાવતા અહીં ફરજ પરના ડોક્ટર ધવલ ગોસ્વામી એ તેમને બપોરના સાડા ત્રણ વાગ્યે મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ પરથી આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોસ્ટેબલ એ.જે રાણાએ આગળની તપાસ કરી છે

**અજાણ્યા પુરુષનું વોંકળામાં ડૂબતા મોત**

લોઠડા ગામેથી પસાર થતા એક વોકળામાંથી આજે અંદાજે ૩૦ એક વર્ષના અજાણ્યા યુવાનની લાશ મળતા આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી છે . પ્રાપ્ત વિગતો મુજબ લોઠડા ગામના વોંકળામાં કોઈ કારણોસર એક અજાણ્યો પુરુષ ડૂબી ગયો હોય તેમને ફાયર બ્રિગેડની મદદથી બહાર કાઢી સરકારી એમ્બ્યુલન્સ ૧૦૮ ને જાણ કરતાં એમ્બ્યુલન્સના સ્ટાફે તેમને મૃત જાહેર કર્યા હતો. કંટ્રોલરૂમમાંથી પીએસઆઇ ફતેસિંહએ આજીડેમ પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસે મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી અજાણ્યા મૃતકના વાલીવારસોની શોધખોળ આદરી છે.

# કુબલીયાપરામાં જુગાર દરોડોઃ ત્રણ ઝડપાયા

## રૂ.૧૧,૩૦૦નો મુદ્દામાલ કબજે કરતી થોરાળા પોલીસ



રાજકોટ,તા.૨૨

કુબલીયા પરા શેરી નંબર ૫ મચ્છો ચોક ખાતે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી થોરાળા પોલીસ દરોડો પાડતા ત્રણ શખ્શો જુગાર રમતા પકડાઈ ગયા હતા.પોલીસે રૂ. ૧૧,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

પકડાયેલા શાખ્શોમાં સાગર વિજયભાઈ સોનછત્રા (રહે. કેવડા વાળી મેઈન રોડ, કિસાન સાબુ વાળી શેરી નંબર ૧૫), સંજય ગોવિંદભાઈ ટોડીયા (રહે.પટેલ નગર ૦૪, કોઠારીયા મેઈન રોડ, સોરઠીયા વાડી) તેમજ ઈબ્રાહીમ કરીમભાઈ અજમેરી (મચ્છુનગર, મફતિયાપરા માર્કેટિંગ યાર્ડ પાછળ, પાણીના ટાકા પાસે)નો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું

# અનમોલ હાઈટમાં રહેતા પ્રૌઢનો ગળેફાંસો ખાઈ આપઘાત

## અકળ કારણોસર ભરેલા પગલાની તપાસ કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૨૨

શહેરના કાલાવડ રોડ ઉપર આવેલ કોસ્મોપ્લેક્સ સિનેમા પાછળ, અંધ વૃદ્ધાશ્રમની બાજુમાં સેનેટરી ગાર્ડન વાળા રોડ પર આવેલ અનમોલ હાઈટમાં રૂમ નંબર ૩૦૧ માં રહેતા કેશુભાઈ ઉકાભાઇ મકવાણા નામના ૫૫ વર્ષના પ્રોઢે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ લેતા ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.



પ્રાપ્ત વિગતો મુજબ કાલાવડ રોડ ઉપર કોસમોપ્લેક્સ સિનેમા પાછળ આવેલ અનમોલ હાઈટ રૂમ નંબર ૩૦૧ માં રહેતા કેશુભાઈ ઉકાભાઇ મકવાણા નામના પ્રોઢે આજે બપોરે પોતાના ઘરે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ પરથી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને કેશુભાઈના મૃતદેહણે પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. બનાવના તપાસનીસ અધિકારી એ.એસ.આઇ વાય.ડી ભગતએ ''રાજકોટ મિરર'' ને જણાવ્યું હતું કે મૃતકને બે દીકરા અને બે દીકરી છે. પરિવારમાં કોઈ કંકાસ કે કોઈ આર્થિક સંકળામણ હોવાનું બહાર આવ્યું નથી. છતાં શા માટે પગલું ભર્યું તે અંગેની તપાસ હાથ કરવામાં આવી છે.

વાહ ગૂડ ન્યુઝ : હવે કોંગ્રેસ પણ...

# સોશિયલ મીડિયા દ્વારા પ્રજાના પ્રશ્નો મેળવી હલ કરાવશે

## પ્રજાને ફરિયાદો મોકલવા આહ્વાન : મળેલી ફરિયાદો બાબતે કોંગ્રેસ સંબંધિતોને ઢંઢોળશે : પ્રશ્નો મોકલવા સોશિયલ મીડિયાની જાહેર કરી લીંકો



રાજકોટ મિરર, તા.૨૨

શહરમાં કોંગ્રેસ હવે પ્રજાની વધુ નજીક જવા પર્યત્નો કરી રહી છે. પ્રજાને પોતાના પ્રશ્નો રૂબરૂ ન મળી ન શકોતો કોઈ વાંધો નહીં પણ સોશિયલ મીડીયાના માધ્યમથી પ્રશ્નો, સમસ્યા મોકલાવવા આહ્વાન કર્યુ છે. પ્રજાના મળેલા ઉચિત પ્રશ્નો પરત્વે કોંગ્રેસના આગેવાનો સંબંધિતોને ઢંઢોળી પ્રશ્નો હલ કરવા મથશે તેવી તૈયારીઓ આરંભી દેવાઈ છે અને તે માટે જુદી જુદી સોશિયલ મીડિયાની સાઈટ, લીંક પણ જાહેર કરાયા છે.

રાજકોટ શહેરમાં કોંગ્રેસને સજાગ કરવા માટે શહેર પ્રમુખ અતુલ રાજાણીનાં નેતુત્વમાં વિવિધ પ્રયાસો કરાઈ રહ્યા છે. જેમાં નેતાઓ છેવાડાનાં લોકો સુધી પહોંચે તે માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કોંગ્રેસનો એક નવતર અભિગમ આજે એક પત્રકાર પરિષદ યોજી જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં લોકો હવે સોશિયલ મીડિયાનાં માધ્યમથી તેના રોડ-રસ્તા અને પાણી સહિત કોઈપણ પ્રશ્નો કોંગ્રેસને મોકલી શકશે. લોકો પ્રદેશ અને શહેર-જિલ્લા કોંગ્રેસનાં પેઈજ અને વોટ્સએપ, ફેસબુક તેમજ ઇન્સ્ટાગ્રામ સહિતનાં માધ્યમોનો ઉપયોગ કરી શકશે અને કોંગ્રેસનાં સ્થાનિક આગેવાનો દ્વારા તેનો ઉકેલ લાવવા બનતા પ્રયાસ કરવામાં આવનાર છે.

કોંગ્રેસ લોકોના પ્રશ્નો સાંભળી સરકાર સુધી પહોંચાડશે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં સોશિયલ મીડિયા વિભાગના ચેરમેન ભુમન ભટ્ટે જણાવ્યું હતું કે, આજે સૌરાષ્ટ્ર ઝોનની સોશિયલ મીડિયાની કારોબારી બેઠક યોજાઇ હતી. જેમાં વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લોકોના પ્રશ્નોને વાચા આપવાનો નિર્ણય લેવાયો છે. આજની મિટિંગમાં શહેરનાં તમામ વિસ્તારોની સાથે નાનામાં નાના ગામડા સુધી કઈ રીતે પહોંચવું? તેની ચર્ચા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા દ્વારા કોંગ્રેસ લોકોના પ્રશ્નો સાંભળી તેને સરકાર સુધી પહોંચાડશે અને તેનું નિરાકરણ લાવવા માટે બનતા પ્રયાસો કરવામાં આવશે.

સોશિયલ મીડિયા પેઈજ પર જઈને ફરિયાદ કરી શકશે ભાજપ સરકારનાં શાસનમાં ભ્રષ્ટાચાર, ગુનાખોરી, મહિલાઓ ઉપર અત્યાચાર તેમજ મોંઘવારીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને લઈને લોકોને સામે આવીને વિરોધ કરવો છે પરંતુ, મોંઘવારીના કારણે રૂટીન કામોમાં વ્યસ્ત રહેતા લોકો સામે આવી શકતા નથી ત્યારે આ સોશિયલ મીડિયા દ્વારા વધુમાં વધુ લોકો કોંગ્રેસ સામે પોતાના પ્રશ્નો સરળતાથી રજૂ કરી શકશે અને કોંગ્રેસ દ્વારા લોકોના પ્રશ્નો ઉકેલવા પ્રયાસ કરવામાં આવશે. આ માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ તેમજ શહેર-જિલ્લા કોંગ્રેસ પેઈજ પર લોકો ફરિયાદ કરી શકશે.

ભાજપનાં શાસનમાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે વધુમાં તેઓએ જણાવ્યું કે, કોંગ્રેસ દ્વારા સભ્ય નોંધણી પણ ગૂગલ ફોર્મનાં માધ્યમથી કરવામાં આવી હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં લોકો કોંગ્રેસ સાથે જોડાયા છે ત્યારે તેઓ પણ પોતાના વિસ્તારના પ્રશ્નો અમારા સુધી પહોંચાડશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને અંઈઈઈ દ્વારા સતત સોશિયલ મીડિયા ઉપરાંત રસ્તા ઉપર ઉતરીને પણ લોકોના પ્રશ્નો હલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે, સોશિયલ મીડિયા દ્વારા ખૂબ સરળતાથી લોકો અમારા સુધી પહોંચી શકશે. ભાજપનાં શાસનમાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે. જેને લઈ કોર્પોરેશન સહિતનાં સરકારી ખાતાઓમાં નાના-મોટા કામ કરાવવામાં લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે લોકો તેમના વિસ્તારના રોડ-રસ્તાનાં, વિદ્યાર્થીનાં તેમજ મહિલા અત્યાચારને લાગતા પ્રશ્નો અંગે લોકો અમારો સંપર્ક કરી શકશે. મોંઘવારી જેવા તમામ લોકોને સ્પર્શતા પ્રશ્નો અંગે અમારી લડાઈ સતત ચાલુ છે. ભાજપ દ્વારા માત્ર વિપક્ષનાં ભાષણો કે નિવેદનોને તોડી મરોડી લોકોને ગેરમાર્ગે દોરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થાય છે. જેની સામે કોંગ્રેસ લોકોના પ્રશ્નો દૂર કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે.

### સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કરવા માટેની લિંક

ફેસબુક
https://www.facebook.com/INCGujarat?mibextid=ZbWKwL

ઈન્સ્ટાગ્રામ
https://www.instagram.com/incgujarat?igsh=amN0cWF3YmN1a2M5
https://www.instagram.com/incrajkotcity/profilecard/?igsh=NGJ2YWdwZGs3dm5k

વોટ્સએપ
https://chat.whatsapp.com/IKsFliCYh0T5KN57ii8dmL

# રાજયકક્ષાની પાંચમી ઓસમ આરોહણ, અવરોહણ સ્પર્ધા યોજાશે કાલે



રાજકોટ મિરર, તા.૨૨

ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અંતર્ગત જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી દ્વારા રાજયકક્ષાની પાંચમી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા - ૨૦૨૪-'૨૫નું આયોજન કરાયું છે. આ સ્પર્ધા ગુજરાત રાજયના યુવક-યુવતીઓ માટે કાલે તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મંગળવારે ધોરાજી તાલુકાના પાટણવાવ ખાતે ઓસમ પર્વત ખાતે યોજાશે તેવું ધોરાજી નાયબ કલેકટર એન. એમ. તરખાલા દ્વારા જણાવાયું છે.

# આજે ૯માં વડાપ્રધાન પી.વી. નરસિંહરાવની પુણ્યતિથી

નવીદિલ્હી,તા.૨૨

પામુલપાર્થી વેકંટ નરસિંહરાવનો જન્મ ૨૮ જૂન ૧૯૨૧ના રોજ કરીમનગર, આંધ્ર પ્રદેશ તેમજ મૃત્યુ ૨૩ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ દિલ્હીમાં થયું હતું.

જેઓ પી.વી. નરસિંહ રાવ તરીકે વધુ જાણીતા હતા, ભારતના ૯મા વડાપ્રધાન હતા. 'લાઈસન્સ રાજ'નો અંત અને ભારતીય અર્થવ્યવસ્થામાં ઉદારીકરણની શરૂઆત તેમના વડાપ્રધાનપદ દરમિયાન થઈ હતી તેઓ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી પણ રહી ચુક્યા હતા.

તેમના વડાપ્રધાન બનવામાં ભાગ્યનો મોટો સાથ છે. ૨૧ મે ૧૯૯૧ના રોજ રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી.



આવી સ્થિતિમાં સહાનુભૂતિની લહેરથી કોંગ્રેસને ફાયદો થયો. ૧૯૯૧ની સામાન્ય ચૂંટણી બે તબક્કામાં યોજાઈ હતી. રાજીવ ગાંધીની હત્યા પહેલા પ્રથમ તબક્કાની ચૂંટણીઓ અને તેમની હત્યા બાદ બીજા તબક્કાની ચૂંટણીઓ યોજાઈ હતી.

બીજા તબક્કાની ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન પ્રથમ તબક્કાની સરખામણીએ સારું રહ્યું હતું. તેનું મુખ્ય કારણ રાજીવ ગાંધીની હત્યાથી પેદા થયેલી સહાનુભૂતિની લહેર હતી. કોંગ્રેસને આ ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ન મળી પરંતુ ૨૩૨ બેઠકો સાથે તે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો. ત્યારબાદ નરસિંહ રાવને કોંગ્રેસ સંસદીય દળનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. આવી સ્થિતિમાં તેમણે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

સરકાર લઘુમતીમાં હતી પરંતુ કોંગ્રેસે તેની બહુમતી સાબિત કરવા માટે પૂરતા સાંસદો ભેગા કર્યા અને કોંગ્રેસ સરકારે સફળતાપૂર્વક તેની પાંચ વર્ષની મુદત પૂરી કરી. પીવી નરસિંહ રાવે ખૂબ જ મુશ્કેલ સમયમાં દેશની કમાન સંભાળી હતી.

તે સમયે ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ભયજનક સ્તરે ઘટી ગયો હતો અને દેશનું સોનું પણ ગીરવે મૂકવું પડ્યું હતું. તેમણે રિઝર્વ બેંકના અનુભવી ગવર્નર મનમોહન સિંહને નાણામંત્રી બનાવીને દેશને આર્થિક વમળમાંથી બહાર કાઢ્યું હતું. નરસિંહ રાવ દેશની આર્થિક સ્વતંત્રતાના મહીશા ગણાતા હતાં.

# પત્રકાર કૌશિક મહેતાના ત્રણ પુસ્તકોનો જાણો પરિચય

## ત્રણ પુસ્તકો 'પર્યાવરણનો પોડકાસ્ટ', 'વહાલી દીકરીને પત્રો' અને 'પીંછું થઇ ખરી જવું છે'નું વિમોચન તાજેતરમાં શ્રી મોરારીબાપુના હસ્તે થયું હતું










**૧. પર્યાવરણનો પોડકાસ્ટ**

આ પુસ્તકમાં પર્યાવરણ અંગેના લેખોનો સમાવેશ થયો છે. 'ગ્રામ સેતુ' અને 'ચિત્રલેખા'માં પ્રકૃતિને લખાયેલા પત્રો રૂપે પર્યાવરણની જુદી જુદી સમસ્યાઓ અંગે નિરૂપણ થયું છે. પ્લાસ્ટિકના કારણે થતા પ્રદૂષણનાં લેખમાં જણાવાયું છે કે,'પૃથ્વી પર એટલી હદે પ્લાસ્ટિક પડ્યું છે કે, એમાં આખી દુનિયાને ડુબાડી શકાય.' ખોરાકમાં ભેળસેળ, નદીઓમાં પ્રદૂષણ, જંગલોમાં લાગતી આગ, વધતી ગરમી, જીએમ પાક, કુંવારથી માંડી કોનોકાર્પ્સની સમસ્યાઓ, જગતના તાતનો આર્તનાદ આવા અનેક વિષયો પર અહીં ચર્ચા થઇ છે. પ્રકૃતિ તરફ પાછા વળવા સિવાય કોઈ વિકલ્પ માનવજાત પાસે બચ્યો નથી. પ્રકૃતિને હવે પ્રોમિસ કરવું પડશે કે, થયું તે થયું પણ હવે જે નુકસાન થયું છે ત્યાંથી પાછા વળીશું અને આવતી પેઢીને સારું પર્યાવરણ સોંપવા માટે કામ કરીશું. પુસ્તકની કિંમતરૂ. ૧૭૫.

**૨. પીંછું થઇ ખરી જવું છે**

કૌશિક મહેતાનો આ કાવ્ય સંગ્રહ છે. કોલેજ કાળમાં એમણે કવિતા લખવાનું શરૂ કર્યું હતું. કેટલીક કવિતાઓ છપાયા બાદ વ્યવસાયની વ્યસ્તતાના કારણે કવિતા લખવાનું બંધ થયું પણ કોરોના કાળમાં એ લખવાનું ફરી શરૂ થયું. કેટલીક કવિતાઓ મોરારિબાપુની રામકથા સંદર્ભે પણ લખાઈ અને કેટલીક કવિતાઓનું મોરારીબાપુએ વ્યાસપીઠ પરથી પઠન પણ કર્યું. ચકલીનું ડાઈંગ ડેકલેરેશન કે પછી દીકરીનો રૂમ, પ્રશ્ન કાંડ ચહેરા પહેરે માણસ જેવી કવિતાઓ ધ્યાન ખેંચે છે.કેટલીક રચનાઓ...

સોઈ દોરો કોઈ આપો / જીવનને આવ્યો છે ખાપો

આંખોમાં અજવાસ જેવું શું હશે / આ અખૂટ પ્રવાસ જેવું શું હશે?

પહાડ ઉતરતું ઝરણું/ નદીને તડપતુ ઝરણું

ખિસકોલીનાં મરવા સાથે બાળકમાનું બાળક થોડું મારી ગયું છે

કેટલીક હિંદી કવિતાઓ પણ છે. પુસ્તકની કિંમત રૂ. ૧૫૦.

આ બંને પુસ્તકો મેળવવાનું સ્થળઃ કે બુક્સ, લાઈટવાલા, મોદી સ્કૂલ નજીક , ટાટા મોટર્સ સામે , ૧૫૦ ફૂટ રીંગ રોડ , રાજકોટ. મો. ૯૮૨૪૪ ૧૯૦૭૪.

**૩. વહાલી દીકરીને**

પુત્રી બહાર અભ્યાસાર્થે જાય અને પિતા એને પિતા પત્ર લખે એમાંથી આ પુસ્તકનો જન્મ થયો છે. અગાઉ 'લેટર ટુ ડોટર' નામે પુસ્તક પ્રસિદ્ધ થયું એ બહુ વંચાયું હતું. હવે 'વહાલી દીકરીને' નામે પુસ્તક થયું છે. જેમાં દીકરીને જીવનની શીખ આપતા મુદ્દે વાત કરી છે. 'ફૂલછાબ'માં આ કટાર લાંબો સમય ચાલેલી અને લોકપ્રિય બની હતી. જીવનમાં અભ્યાસ હોય કે કારકિર્દી કે નીજી જીવનમાં કોઈને કોઈ સમસ્યા આવતી રહે છે. પડકાર સર્જાય છે પણ એનો સામનો કેમ કેરવો ? નિરાશ ના થઈ, હતાશ ના બની એ પડકારો અને સમસ્યાઓ પાર કરી આગળ કેમ વધવું...એ વિષે આ પત્રોમાં વાત થઇ છે. પત્ર સાહિત્ય આપના સાહિત્યનો એક મહત્વનો મુકામ છે, માઈલસ્ટોન છે. અહી નાની વાતોમાંથી શીખ કેમ મેળવવી કે પછી નાની વાતોમાં રાજી કેમ થવું ? ક્યાંથી પ્રેરણા મેળવવી અને બીજા માટે પ્રેરણા બનવું, આવા કૈક વિષયો પર પત્રોમાં ચર્ચા થઇ છે. એમાં કોઈ બોધ નથી પણ સાદી સરળ ભાષામાં વાત સમજાવવાનો પ્રયત્ન છે. ૯૦ પત્રોનો સમાવેશ થયો છે.પુસ્તકની કિંમતઃ રૂ. ૪૫૦.

પ્રાપ્તિ સ્થળઃ નવસર્જન પબ્લીકેશન, ૨૦૨- પેલીકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯, ફોન ૦૭૯- ૨૬૫૮૩૭૮૭

### પ્રોફેશનલ ટેક્સની આવક મનપા માટે અત્યંત ઉપયોગી : વોર્ડ વાઈસ ટીમ બનાવી હાથ ધરાશે રિકવરી ઝુંબેશ

# વ્યવસાય વેરો ભરવા ૬૫ હજાર વેપારીઓને નોટિસ

## સંબંધિત ક્ષેત્રના વેપારીઓ દ્વારા હજુ પણ નથી કરાવવામાં આવી નોંધણી : વેરા વસુલાત શાખા લેશે આખલા પગલા

રાજકોટ, તા. ૨૨

કોઈપણ શહેરનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે સ્થાનિક પ્રશાસન દ્વારા યોગ્ય વેરો વસૂલવામાં આવતો હોય અને તે વેરો લોકો ઉપયોગી અને વિકાસના કામો માટે ઉપયોગમાં લેવાતું હોય ત્યારે રાજકોટ મહાનગરપાલિકાને આ વર્ષે ૪૧૦ કરોડનો વેરાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે જેને પરિપૂર્ણ કરવા માટે હાલ વેરા વસુલાત વિભાગ દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે મળતી માહિતી મુજબ હાલ વેરા વસુલાત શાખાએ ૪૧૦ કરોડના લક્ષ્યાંક ની સામે ૩૨૬ કરોડ જેટલો વેરો વસૂલ્યો છે બીજી તરફ હાલ પ્રોફેશનલ ટેક્સની વાત કરવામાં આવે તો આ ટેક્સ પણ મહદ અંશે વધે અને મહાનગરપાલિકાની તિજોરી છલકાઈ તે માટે ધડાધડ નોટિસો આપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ વ્યવસાય વેરો ભરતા વેપારીઓ કે જેઓએ હાલ કોઈ પોતાનો બાકી વેરો ભર્યો ન હોય અથવા તો એવા વેપારીઓ કે જેઓએ વ્યવસાય વેરા માટે નોંધણી પણ ન કરાવી હોય તે તમામની યાદી તૈયાર કરવામાં આવી છે અને તે મુજબ હાલ નોટીશો પણ બજાવવામાં આવતી હોવાનું વેરા વસુલાત શાખા દ્વારા જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ ઘણાખરા કિસ્સામાં ધંધાર્થીઓ પ્રોફેશનલ ટેક્સ ભરવા માટે લાયકાત ધરાવતા હોય છે પરંતુ વેરો ભરવો ન પડે તે વાત ને ધ્યાને લઈને હાલ આ પ્રકારના કીમિયા અપનાવવામાં આવે છે ત્યારે વેરા વસુલાત વિભાગ પાસે એ આંકડો છે કે આશરે ૬૫,૦૦૦ આસામીઓને નોટિસ ફટકારવામાં આવી હોય ત્યારે વ્યવસાય નોંધણી નહીં કરાવનાર વ્યાપારીઓ પર તવાય બોલાવવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને આ માટે વેરા વસુલાત વિભાગ દ્વારા તખતો પણ તૈયાર કરી લેવામાં આવ્યો છે.

ચાલુ વર્ષમાં મહાનગરપાલિકાએ પ્રોફેશનલ ટેક્સ પેટે ૩૫ કરોડની વસૂલાત માટેનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે તેમાં ગઈકાલ સુધી કુલ ૨૦ કરોડથી વધુની વસૂલાત થઈ હોવાનું હાલ જાણવા મળ્યું છે ત્યારે હવે બાકી રહેતો જે આંકડો છે તેને પહોંચી વળવા માટે હાલ નોટિસો આપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે શહેરના વિવિધ વોર્ડમાં જે વેપારીઓ વ્યવસાય કરતા હોય અને તેઓએ તેમની નોંધણી પ્રોફેશનલ ટેક્સ માટે કરાવી ન હોય તેવા તમામની હાલ યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમની નોંધણીની સાતો સાત તેમને ભરવા પાત્ર વેરો વસૂલવા માટે પણ નોટિસો બજાવવામાં આવી છે.

પ્રોફેશનલ ટેક્સ ઉઘરાવવા માટે મહાનગરપાલિકાના વેરા વસલાદ વિભાગ દ્વારા વિવિધ ટીમોનું ગઠન કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ આશરે વિવિધ ટીમો દ્વારા કુલ




૬૫૦૦૦ વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી છે. પ્રોફેશનલ ટેક્સ માટે ઘણા ખરા પ્રોફેશનલ ની નોંધણી થઈ છે પરંતુ વસૂલાત કરવા માટે જે તત્પરતા હોવી જોઈએ તે જોવા મળતી નથી ત્યારે શેરબ્રોકર ડોકટર, એડવોકેટ, નોટરી, સી.એ., કંપની સેક્રેટરી, કોન્ટ્રાકટર, બિલ્ડર, આર્કિટેક્ટ, કન્સલ્ટિંગ સિવિલ ઈજનેર, નાના મોટા એકમો જેવા વ્યવસાયિકોને નોટિસ આપી રજિસ્ટ્રેશન કરાવવા અથવા તો રજિસ્ટર્ડ હોય તેને વેરો ચુકતે કરવા નોટિસો આપવામાં આવી રહી છે.

વેરા વિભાગની ટીમ દ્વારા વોર્ડ વાઈઝ હાલ સર્વે કરવામાં આવ્યો અને જે વેપારીઓ દ્વારા વ્યવસાય વેરો ભરવામાં આવ્યો ન હોય તેમને નોટીશો ફટકારવામાં આવી છે ત્યારે પ્રોફેશનલ ટેક્સ વસૂલવાની સત્તા મહાનગરપાલિકાને એટલે મળી કારણ કે આ રકમ પણ મનપા માટે અત્યંત ઉપયોગી અને મહત્વની છે ત્યારે આ કિસ્સામાં રાજકોટમાં અનેકવિધ ક્ષેત્રો છે જેમાં લોકો ઘણો ખરો વેપાર અને વ્યવસાય કરતા હોય ત્યારે મામુલી એવા રકમની ભરપાઈ વેરા પેટે કરવામાં ન આવે તે ભવિષ્યમાં પરિસ્થિતિ ન ઉદ્ભવે તેના માટે હાલ વેરા વસુલાત શાખા દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક પગલાં લેવાનું કાર્ય શરૂ કર્યું છે.

નવનિયુક્ત કમિશ્નર તુષાર સુમેરાનાં આદેશથી હવે વોર્ડ વાઈઝ ગ્રાઉન્ડ લેવલ સુધી ફિલ્ડ વર્ક કરી બ્યુટી પાર્લર, હેર પાર્લર, ટેઈલર, ગ્રોસરી સ્ટોર જેવા વ્યવસાયિકોને નોટિસ આપવામાં આવી રહી છે. પેઢીમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યાના આધારે આ ટેકસ ભરવાનો હોય છે. અગાઉ રાજ્ય સરકાર દ્વારા પ્રોફેશનલ ટેક્સ નાબૂદ કરવા માટેની વિચારણા હતી. પણ હવે આ ટેક્સ દૂર કરવાનો ન હોવાનું નક્કી થયું છે. જેને લઈ મહાપાલિકા તંત્રએ પુરજોશમાં વેરા વસુલાત શરૂ કરી છે.

છેલ્લા ઘણા સમયથી જે પરિસ્થિતિ નિર્માણ પામી છે તેને ધ્યાને લઈ હાલ વ્યવસાય વેરો વધુ પ્રમાણમાં મહાનગરપાલિકાને મળે તે માટેની હાલ તૈયારીઓ અને તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા તમામ વ્યાપારીઓને વ્યવસાય નોંધણી કરાવવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે કારણ કે અત્યાર સુધી ઘણા ખરા કિસ્સામાં હજુ પણ જે વ્યાપારીઓ છે તેઓએ વ્યવસાય વેરા માટે નોંધણી કરાવી નથી. જેને લઈને રાજકોટ મનપાને ઘણો ફટકો આર્થિક રીતે પડી રહ્યો છે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે જ્યાં સુધી પૂરતો વેરો મહાનગરપાલિકાને નહીં મળે ત્યાં સુધી જે વિકાસના કામો છે અને તેમાં જે ગતિ આવી જોઈએ તે નહીં આવી શકે. હાલ જે ૬૫,૦૦૦ નોટી સો જે ફટકારવામાં આવી છે તેને ધ્યાને લઈને ભવિષ્યમાં પણ ટાર્ગેટ ને પરિપૂર્ણ કરવા માટે ઝુંબેશ ખૂબ મહત્વની પુરવાર થશે ત્યારે આગામી દિવસોની તૈયારીના ભાગરૂપે હવે મહાનગરપાલિકા પણ સવિશેષ વ્યવસાય વેરો વધુને વધુ આવે તે માટે તૈયારીઓ શરૂ કરી છે.

### રાજકોટમાં પોલીસમેનની હત્યાના સાક્ષીના ભાઈ સહિત ૩ ઉપર હુમલો કર્યાના સીસી ફૂટેજ આવ્યા સામે

# પેંડા ગેંગના ૯ સાગરીતોનો આતંક : ત્રણ પર હુમલો

## કારમાં તોડફોડ કરી છરીના ઘા ઝીંક્યા : હત્યા કેસના આરોપી સહિત ૯ શખ્સો સામે ગુન્હો




રાજકોટ મિરર, તા.૨૨

રાજકોટમાં આઠ વર્ષ પૂર્વે પોલીસ કર્મચારીની હત્યાના બનાવના સાક્ષીના ભાઈ ઉપર હત્યાના આરોપી સહિતના ૯ શખ્સોએ હુમલો કરી કારમાં તોડફોડ કરી હતી. તેમજ સાક્ષીના બે મિત્રોને પણ છરીના ઘા ઝીંકી દેવાતા આ મામલે ભક્તીનગર પોલીસ મથકમાં ૯ શખ્સો સામે ગુનો નોંધાયો છે. આ બનાવમાં સીસી ફૂટેજ સામે આવતા પોલીસે આતંક મચાવનાર ટોળકીને ઝેર કરવા ઠેર ઠેર તપાસ આદરી છે.

આ અંગે મળતી વિગતો મુજબ રાજકોટના કોઠારિયા ગામ ગોકુલપાર્ક શેરી નં. ૩માં માતૃશ્રી વિદ્યામંદિર સ્કૂલ વાળીશેરીમાં દેવાંગી કૃપા નામના મકાનમાં રહેતા રમેશ દેવરાજ ગજેરાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજો જાડેજા, ચિરાગ બકાલી, ચંદ્રેશ ઉર્ફે ચંદો ગોહેલ, મિલન બાવાજી, દિનેશ કાંચો, પિયુષ સોલંકી, મનીષ મીસ્ત્રી, છોટુ અને એક અજાણ્યા શખ્સનું નામ આપ્યું છે.

રાજકોટમાં ૨૦૧૬ના વર્ષમાં પોલીસ કોન્સ્ટેબલ ભરતદાન ગઢવીની હત્યા કરવામાં આવી હતી. આ હત્યામાં નામચીન શક્તિ ઉર્ફે પેંડો તથા જેની હત્યા થઈ તે ઋષિરાજસિંહ જાડેજા સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. આ હત્યા કેસમાં રમેશ દેવરાજભાઈ ગજેરાના ભાઈ જીજ્ઞેશ કે જેણે હત્યા નજરે જોઈ હોય અને તે તાજનો સાક્ષી હોય કોર્ટમાં જિજ્ઞેશે જુબાની આપી હોય આ હત્યા કેસનો આરોપી શક્તિ ઉર્ફે પેંડા ગેંગનો રાજા જાડેજાએ જે બાબતનો ખાર રાખી તેના સાગરીતો સાથે મળીને ૧૮ની રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ રમેશ ઉપર પ્રાણ ઘાતક હથીયારો ધારણ કરીને આ ટોળકીએ હુમલો કર્યો હતો.

આ બનાવ વખતે રમેશનો મિત્ર દિવ્યેશ ઠુંમર અને દેવ ટાંક પણ સાથે હોય તેના પર હુમલો કરવામાં આવ્યો હતો.

રાજા જાડેજાએ રમેશને છરીનો ઘા ઝીંક્યો હતો તેમજ ચીરાગ બકાલીએ દિવ્યેશને છરી ઝીંકી દીધી હતી. વચ્ચે પડેલા દેવ ટાંકને પણ રાજા જાડેજાએ છરી મારી દેતા ત્રણેય મિત્રોને ઈજા પહોંચી હતી. તેમજ આ ટોળકીએ સોડા-બોટલ અને પથ્થરો વડે ઘા કરીને ગાડીના કાંચ તોડી નાખી તોડફોડ પણ કરી હતી. સમગ્ર બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડીગયો હતો. અને આ મામલે રમેશ ગજેરાની ફરિયાદના આધારે નામચીન શક્તિ ઉર્ફે પેંડા ગેંગના સાગરીત સહિત ૯ સામે ગુનો નોંધ્યો હતો. અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે, નામચીન શક્તિ ઉર્ફે પેંડાનું એનકાઉન્ટર થયું હોય જ્યારે આ હત્યા કેસના ઋષિરાજસિહ જાડેજાની પણ હત્યા થઈ હતી.

### ૨૦૧૬માં પોલીસમેન ભરત નેચડા હત્યા નિપજાવાઈ હતી

અહી નોંધનીય છે કે, ૧૬ માર્ચ ૨૦૧૬ના રોજ સહકાર સોસાયટીના ચોકમાં મોડી રાત્રીના સમયે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ નેચડાએ ત્રણ મોટરસાઈકલો ઉપર છાકટા થઈને મોટે મોટેથી રાડો પાડીને આવતા આરોપીઓને ચોકમાં રોકેલ હતા. આ આરોપીઓ ભાગી ન જાય તે માટે શક્તિ ઉર્ફે પેંડો અને તેની સાથે બેઠેલ બાળ આરોપીના મોટરસાઈકલની ચાવી આ પોલીસ કોન્સ્ટેબલે લઈ લીધેલ હતી. આથી ગુસ્સે થઈને બાળ આરોપીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી કોન્સ્ટેબલ ભરતભાઈના કાનની નીચે મારેલ. આ ઈજા થતા કોન્સ્ટેબલ ભરતભાઈ ત્યાંથી ભાગવા ગયેલ ત્યારે તમામ આરોપી ભરતભાઈની પાછળ દોડી તેને પછાડી દીધેલ અને છરીના બીજા બે ઘા ભરતભાઈને મારેલ તથા બીજા ચાર આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી ભરતભાઈનુ મોત નિપજાવેલ હતું.

### આરોપીને પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ

રાજકોટમાં કુખ્યાત પેંડાના સાગરીતો દ્વારા હુમલાનો ભોગ બનનાર મીડિયા સામે આવ્યા હતા. જેમાં સાક્ષી તરીકે જીજ્ઞેશ ગજેરાનાં પરિવારજને મીડિયાને વ્યથા વર્ણવી હતી. જેમાં જીજ્ઞેશનાં ભાઈ રમેશભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, રાજપાલ ઉર્ફે રાજો જાડેજા અને અન્ય શખ્સો દ્વારા હુમલો કરી કહેવામાં આવ્યું છે કે, આ કેસમાંથી નીકળી જજો નહિતર જાનથી મારી નાખશું. તેમજ આરોપીને પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ કરતા જણાવ્યુ કે, જે શખ્સ પોલીસની હત્યાનો આરોપી છે તેને પોલીસ છાવરી રહી છે.